ॐ

''સર્વોત્કૃષ્ટ શુદ્ધિ ત્યાં સર્વોત્કૃષ્ટ સિદ્ધિ'' ... શ્રીમદ્ રાજચંદ્ર



# ગોરક્ષા પાત્ર

ગોરક્ષા + સત્યાગ્રહ + ભ્રષ્ટાચાર નિર્મૂલન આંદોલન = સંપૂર્ણ અહિંસક ક્રાંતિનું માસિક મુખપત્ર

અંક -૩૩ | ૧ ઑક્ટોમ્બર ૨૦૧૭ | પાના-૧૬ | લવાજમ વાર્ષિક-રૂ.૧૦૦/-

## રાજવાણી - પુષ્પમાળા

૧૪. મુળતત્વમાં ક્યાંય ભેદ નથી, માત્ર દ્રષ્ટિમાં ભેદ છે. એમ ગણી આશય સમજી પવિત્ર ધર્મમાં પ્રવર્તન કરજે.

૧૫. તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી, માત્ર કહેવાનું તાત્પર્ય કે જે રાહથી સંસારમળ નાશ થાય તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે.

૨૩. શ્રીમંત હો તો પૈસાના ઉપયોગને વિચારજે રળવાનું કારણ આજે શોધીને કહેજે.

૩૫. પગ મૂકતાં પાપ છે, જોતા ઝેર છે, અને માથે મરણ રહ્યું છે એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કર.

૩૬. અઘોર કર્મ કરવામાં આજે તારે પડવું હોય તો રાજપુત્ર હો તો પણ ભિક્ષાચારી માન્ય કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૭. ભાગ્યશાળી હો તો તેના આનંદમાં બીજાને ભાગ્યશાળી કરજે, પરંતુ દુર્ભાગ્યશાળી હો તો અન્યનું બુરું કરતા રોકાઈ આજના દિવસમાં પ્રવેશ કરજે.

૩૮. ધર્માચાર્ય હો તો તારા અનાચાર ભણી કટાક્ષદ્રષ્ટિ કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૫. તું કારીગર હો તો આળસ અને શક્તિના ગેર ઉપયોગનો વિચાર કરી આજના દિવસમાં પ્રવેશ કરજે.

૪૬. તું ગમે તે ધંધાર્થી હો, પરંતુ આજીવિકાર્થે અન્યાય સંપન્ન દ્રવ્ય ઉપાર્જન કરીશ નહીં.

૫૧. જિંદગી ટુંકી છે, જંજાળ લાંબી છે, માટે જંજાળ ટુંકી કર તો સુખરૂપે જિદગી લાંબી લાગશે.

૫૨. સ્રીપુત્ર, કુટુંબ, લક્ષ્મી ઈત્યાદિ બધા સુખ તારે ઘરે હોય તો પણ એ સુખમાં ગૌણતાએ દુ:ખ રહ્યું છે એમ ગણી આજના દિવસમાં પ્રવેશ કર.

૫૩. પવિત્રતાનું મુળ સદાચાર છે.

૬૩. મહારંભી હિંસાયુક્ત વ્યાપારમાં આજે પડવું પડતું હોય તો અટકજે.

૬૪. બહોળી લક્ષ્મી મળતાં છતાં આજે અન્યાયથી કોઈનો જીવ જતો હોય તો અટકજે.

૬૬. વાસ્તવિક સુખ માત્ર વિરાગમાં છે માટે જંજાળ મોહિનીથી આજે અભ્યંતર મોહિની વધારીશ નહીં.

૬૯. સુયોજક કૃત્ય કરવામાં દોરાવું હોય તો વિલંબ કરવાનો આજનો દિવસ નથી, કેમકે આજ જેવો મંગળદાયક દિવસ બીજો નથી.

૭૪. જો આજે તારાથી કોઈ મહાન કામ થતું તો તારા સર્વ સુખનો ભોગ પણ આપી દેજે.

૮૦. વ્યવહારનો નિયમ રાખજે અને નવરાશે સંસારની નિવૃત્તિ શોધજે.

૮૩. સત્પુરુષ વિદુરના કહ્યા પ્રમાણે આજે એવું કૃત્ય કરજે કે રાત્રે સુખે સુવાય.

૯૦. આજે તું ગમે તેવા ભયંકર પણ ઉત્તમ કૃત્યમાં તત્પર હો તો ના હિમ્મત થઈશ નહીં.

૯૭. ભલે તારી આજીવિકા જેટલું તું પ્રાપ્ત કરતો હો, પરંતુ નિરૂપાધિમય હોય તો ઉપાધિમય પેલું રાજસુખ ઈચ્છી તારો આજનો દિવસ અપવિત્ર કરીશ નહીં.

૯૯. દિવસની ભૂલ માટે રાત્રે હસજે, પરંતુ તેવું હસવું ફરી ન થાય એ લક્ષિત રાખજે.

૧૦૨. સરળતા એ ધર્મનું બીજ સ્વરૂપ છે. પ્રજ્ઞાએ કરી સરળતા સેવાઈ હોય તો આજનો દિવસ સર્વોતમ છે.

૧૦૭. આ સઘળાનો સહેલો ઉપાય આજે કહીં દઉં છું કે દોષને ઓળખી દોષને ટાળવા.

૧૦૮. લાંબી ટુંકી કે ક્રમાનુસાર ગમે તે સ્વરૂપે આ મારી કહેલી પવિત્રતાના પુષ્પોથી છવાયેલી માળા પ્રભાતના વખતમાં, સાયંકાળે અને અન્ય નિવૃત્તિએ વિચારવાથી મંગળદાયક થશે. વિશેષ શું કહું ?

**શ્રીમદ્ રાજચંદ્ર**

## ગાંધી ઝડપથી ભૂલાઈ કેમ ગયા ?

એક વિચારમાં નાખી દે એવી વાત છે કે જો સ્વાતંત્ર્ય પહેલાંના હિંદમાં ગાંધી ભારે પ્રભાવક રહ્યા, તો સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછીના થોડાક જ સમયમાં એ એક એકાંકી અને હાંસિયામાં મૂકાયેલ વ્યક્તિ કેમ બની ગયા. એમના દેશવાસીઓ, જે એમને એક વાર ખૂબ સ્નેહાદર આપતા, એઓ હવે એમનાથી થાકવા લાગ્યા, અને કેટલાક તો એમનું મોત પણ ઈચ્છવા લાગ્યા. 'ભલે મરતો એ ગાંધી' ('Let Gandhi Die'), એ ગાંધીના છેલ્લા ઉપવાસ દરમ્યાન દિલ્હીમાં એક લોક-પ્રચલિત નારો હતો. અને ન્યાયમૂર્તિ ખોસલાને એમાં કોઈ સંશય નહોતો કે જો ગોડસેનો ખટલો જ્યુરી દ્વારા ચલાવવામાં આવ્યો હોત તો એ છૂટી જાત! ૧૯૪૭ પછી તરત જ ભારત વિકાસના એક એવે રસ્તે ચડ્યું જે અંગે ગાંધીની કોઈ સહાનુભૂતિ હતી નહીં. અને એમના જૂના સાથીઓએ એવી જીવન શૈલી અપનાવી લીધી જે ગાંધીએ દીર્ઘ સમય સુધી પ્રબોધેલી અને પ્રયોગમાં મૂકેલી જીવન શૈલીની પૂરેપૂરી વિરોધી હતી. ગાંધીનાં વિદ્યાલયો અને આશ્રમો પણ આઘા હડસેલાઈ દેવાયાં, અને ગરીબો માટેની એમની ઉત્કટ ખેવના, ગ્રામવિકાસ માટેની એમની અપીલ, અને સમાજ સેવાનાં કામોની એમણે ભારે જહેમતથી પોસેલી પરમ્પરા, આ બધું કાં તો ત્યજી દેવામાં આવ્યું કે પછી પાણી-પાતળું કરી મૂકાયું. ગાંધીવાદી વાણી-વળોટ સુદ્ધાં (Gandhian language of discourse) એક એવી બોલી બની ગયો જેને એક નાનકડી લઘુમતી બોલતી હોય, ને એથી યે વધારે નાની લઘુમતી સમજતી હોય.

આ સઘળું સમજાવવું સહેલું નથી. બેશક, ગાંધીના વિચારો અમલમાં મૂકવા મુશ્કેલ બને એવા હતા અને એમના જીવન કાળ દરમ્યાન પણ એમનો પ્રતિરોધ થતો રહ્યો, અને સ્વતંત્ર ભારતની મસમોટી રાજકીય, આર્થિક અને સામાજિક સમસ્યાઓ અંગે કેવળ મર્યાદિત પ્રાસંગિકતા ધરાવતા હતા. પણ એટલું તો મનમાં લાગે કે ગાંધી-પ્રભાવ-વિઘટનની પ્રક્રિયા સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી થોડી લાજ ન આવે તેટલા લાંબા સમયગાળા પછી શરૂ થઈ શકી હોત અને એ પ્રક્રિયાએ એક ટકા વિરોધનો સામનો કમ સે કમ થોડાક વર્ષો સુધી તો કરવો પડ્યો હોત, તો સહેજ ઠીક થયું હોત. એની જગ્યાએ હિંદ સ્વતંત્ર થયું તે જ દિવસથી એ પ્રક્રિયાએ જોર પકડવા માંડ્યું. જાણે દેશ એક દીર્ઘ ગાંધીવાદી દુસ્વપ્નમાંથી સફાળો જાગ્યો હોય અને પોતાના એ ભૂતકાળ સાથેનો સંબંધ તોડી નાખવામાં વિપળની યે વાર સહી શકતો ન હોય.

**(લૉર્ડ ભીખુ પારેખની 'અન્ડરસ્ટેડીંગ ગાંધી' પુસ્તકની પ્રસ્તાવના, અનુ. સિતાંશુ યશચંદ્ર. સૌ.પ્રબુધ્ધ જીવન)**

## શાશ્વત સૂત્ર

**જે કાંઈ થાય તે થવા દેવું.**
**ન ઉદાસીન કે ન અનુદ્યમી થવું.**
**ન પરમાત્મા પ્રત્યે પણ ઈચ્છા કરવી, કે ન મૂંઝાવું.**
**શું થશે ? એવો વિચાર કરવો નહીં,**
**અને જે થાય તે કર્યા કરવું.**
**મુશ્કેલીમાં અધિક ઝાવાં નાખવા પ્રયત્ન કરવો નહીં.**
**અલ્પ પણ ભય રાખવો નહીં. 'સભાન' - જાગૃત રહેવું.**
**ઉપાધિ વખતે જેમ બને તેમ નિ:શંકપણે રહી ઉદ્યમ કરવો.**
**કેમ થશે ? એવો વિચાર મૂકી દેવો.**
**યોગ્ય ઉપાયથી પ્રવર્તવું, પણ ઉદ્વેગવાળું ચિત્ત ન રાખવું.**
**જ્યાં ઉપાય નહીં, ત્યાં ખેદ કરવો યોગ્ય નથી જ.**

**- શ્રીમદ્ રાજચંદ્ર**

## આ અંકમાં


| | | પાના નં. |
|---|---|---|
| રાજવાણી | શ્રીમદ્ રાજચંદ્ર | ૧ |
| ગાંધીજી કેમ ભૂલાઈ ગયા ? | સિતાશું યશચંદ્ર | ૨ |
| શાશ્વત સૂત્ર | શ્રીમદ્ રાજચંદ્ર | ૨ |
| તંત્રીલેખ ...સારા નાગરિક બનીએ | રમેશ દોશી | ૩ |
| યજ્ઞપુરુષને પગલે | મીરા ભટ્ટ | ૪ |
| નવા વર્ષે | ગાંધીજી | ૫ |
| સર્વસંગ પરિત્યાગી | મલૂકચંદ શાહ | ૬ |
| સ્વયંબોધ-પ્રત્યેકબોધ | મુનિશ્રી સંતબાલજી | ૭ |
| આજનું શિક્ષણ | વેલજીભાઈ દેસાઈ | ૭ |
| રખડતી ગાયોની સમસ્યાનો ઉકેલ | સંપ્રતિ ગડા | ૮ |
| શ્રધ્ધાંજલિ | અમૃતલાલ દોશી | ૮ |
| પારકા માટે ઘસાઈને | શ્રી કુલીનકાંત લુઠિયા | ૮ |
| સક્રિય સાધુ સમાજ | મુનિશ્રી સંતબાલજી | ૯ |
| સદ્ભાવ રાખનારી કસોટી | શ્રી મોટા | ૧૧ |
| વિદ્વતા | રમેશ દોશી | ૧૧ |
| વાંચકોના પત્રોમાંથી | જયસુખભાઈ ત્રિપાઠી | ૧૨ |
| કોકરોચની કથા | જતીન દોશી | ૧૨ |
| વિજ્ઞાનીનું સરસ્વતીપૂજન | યશવંત મહેતા | ૧૩ |
| જીન્દગીમાં બેલેન્સ | સૌ. ધર્મદ્વાર | ૧૩ |
| મારી માવડીઓના નિ:સાસા | જીજ્ઞેશ ભુવા | ૧૩ |
| ભિક્ષુ કોણ બની શકે | કનૈયાલાલ રાવલ | ૧૪ |
| કવિતા-છેલ્લો કટોરો | ઝવેરચંદ મેઘાણી | ૧૫ |
| નમ્ર વિનંતિ (અપીલ) | સંપાદક મંડળ | ૧૫ |
| પીઝા ના આઠ ટુકડા (વાર્તા) | શાંતિલાલ ગડા | ૧૬ |

## તંત્રી સ્થાનેથી...

### ચાલો, સારા નાગરિક બનીએ, સારા માનવ બનીએ

ખેતી અને ગોપાલન પછી વધારેમાં વધારે રોજગારી જો કોઈ ક્ષેત્રમાં હોય તો તે ધાર્મિક સંસ્થાઓ-સામાજીક સંસ્થાઓમાં છે. લાખો પરિવાર આ સંસ્થાઓના માધ્યમે આજે નભી રહ્યા છે. અનેક યુવા સંગઠનો, દેરાસરો, ઉપાશ્રયો, મદરેસાઓ, વિદ્યાલયો, બોર્ડીંગો, સ્કુલો, પાંજરાપોળો, ચર્ચો પોતપોતાની રીતે પોત પોતાના જાતભાઈઓને અનેક રીતે મદદ પહોંચાડે છે. ક્યાંક શૈક્ષણિક, વૈદ્યકિય, કૌટુંબિક, એમ દરેક ક્ષેત્રમાં કોઈને કોઈ રીતે સહુ પોતપોતાની રીતે સેવા કરી રહ્યા છે. આની પાછી કોઈ જાહેરાત કે ડીમ ડીમ વગાડયા વગર સમાજ પાસેથી લીધેલ પૈસે પૈસાની મદદ અન્યના સ્વમાનને જાળવીને આ સહાય સેવા સમાજસેવકો કરી રહ્યા છે. હા, આ સંસ્થાઓમાં પગાર ધોરણ ઘણું નીચું હોય છે, પણ જ્યાં લોકોને કામ જ નથી મળતું ત્યાં લાખો પરિવારો આનાથી ટકી રહ્યા છે એ તો સ્વીકારવું જ રહ્યું.

અમારે કહેવું એ છે કે આપણે સદીઓથી આવી સેવા કરી રહ્યા છીએ, પણ સારો નાગરિક, સારો માનવ બનાવે એવી કોઈ પ્રવૃત્તિ કેમ નથી કરી શક્યા ? એવો વિચાર કેમ નથી આવતો? એવી સહાય સાથે સારો નાગરિક બનવાની પણ શીબીરો કે કાર્યશાળા રાખી શક્યા હોત. પણ એવું ભાગ્યે જ થાય છે. અને એથી જ સ્વતંત્રતા મળી છતાં આપણે ગુલામી અનુભવી રહ્યા છીએ. સ્વતંત્રતાના હક સાથે કેટલીક સહજ ફરજો છે જેનો આજે અભાવ છે તેથી જ સ્વતંત્રતાનો અહેસાસ થવો જોઈએ તે નથી થતો.

આપણને એક શ્રેષ્ઠ રાષ્ટ્રપતિ મળેલા. APJ Abdul Kalam એ કહેતા Please Spare 10 minutes for your country. ખાસ બે વાતપર એઓ ખૂબ ભાર આપતા. એક સ્વચ્છતા અને બીજૂં શિક્ષણ પર. આપણે પરદેશની ખાસ તો સ્વચ્છતાની વાતો તો બહુ કરીએ છીએ. સ્વચ્છતા સહુને ગમે પણ છે, પણ આપણે એ કાર્ય સરકાર પર છોડીને ઊંઘી રહ્યા છીએ. જ્યાં સુધી આ ભ્રષ્ટાચાર જે આપણે સ્વયં કરી રહ્યા છીએ એ આપણે સ્વયં નહી સુધારીએ ત્યાં સુધી અન્ય જે ભ્રષ્ટાચાર ચાલે છે, લાંચરૂશ્વત, ભેળસેળ, નકલી દૂધ, નકલી આટો, નકલી ઘી, નકલી ખાતર, નકલી બિયારણ, નકલી દવાઓ, નકલી દાકતરો, ઝેરી ખાતરો, ઝેરી કેમીકલો, નકલી પાણી, અરે માના દુધમાં પણ ઝેરના અંશો આવી ગયા છે. આ બધા ભ્રષ્ટાચારો આપણે જાગૃત નથી તેથી ખુલ્લેઆમ બેધડક ચાલી રહ્યા છે. વિકાસને નામે આને આપણે પ્રગતિ ગણીએ છીએ. ન આ વિષે સરકાર ચિંતિત છે, ન સમાજ ચિંતિત છે. આખો સમાજ ભયગ્રસ્ત છે. મોટા પગારદારો ને પણ ભય છે કે ક્યાંક નોકરી છુટી જશે તો ! એ ભયને લીધે નથી આપણે પરિવાર તરફ ધ્યાન આપતા કે ન તો આપણા બાળકોના શિક્ષણ તરફ ધ્યાન આપી શકતા. આવી એક ગંભીર સ્થિતિમાં આપણે સહજ કોઈ કાર્ય કરી શકીએ તેમ હોઈએ તો તે એક માત્ર સ્વચ્છતાનું કાર્ય છે. આપણે ઉપર લખેલા અનેક દુષણોમાંથી છુટવાનો આ એક માત્ર માર્ગ આપણી પાસે બચ્યો છે. આ કાર્યનો ફાયદો જો આજના વિકાસની ભાષામાં કહીએ તો ૨% G.D.P. વધી જાય. કોઈ વર્લ્ડ બેંક, કે સરકારી સહાય વિના આટલી પ્રચંડ તાકાત આ સ્વચ્છતા કાર્યમાં રહેલી છે.

હજાર ગાંધી આવે કે હજાર નરેન્દ્ર મોદી આવે આપણા દુ:ખમાંથી કોઈ આપણને મુક્ત નહિ કરી શકે. આપણે દુ:ખી છીએ આપણી ખોટી આદતને લીધે અને આપણે સુખી થઈ શકીએ આદત સુધારીને.

આપણી આવનારી અનેક પેઢીઓ વિનાશની ગર્તામાં જઈ રહી છે એવું શિક્ષણ ચાલી રહ્યું છે. હમણા એક Whatsup આવ્યો એ દિલ હલાવી દે તેવો એ બહુ ગંભીર-અતિ શોચનીય છે.

### An Appeal to Teachers

From a School Principal, who survived the Nazi Camp Wrote, "I am survived of a concentration camp. My eyes saw what no person should witness. Gas chambers built by learned engineers, children poisoned by educated physicians. Infant killed by trained nurses, women and babies shot and killed by high school and college graduates. So I'm suspicious of education. My request is help your students to be human. Your efforts must never produce learned monsters, skilled psychopaths or educated maniacs. Reading and writing and spelling and history and mathamatics are only important if they serve to make our students more human."

એક દોડ ચાલી છે, ભણાવો, ભણાવો. પણ કોણ ભણાવે છે ? શું ભણે છે ? કેવું ભણે છે ? કેવું ભણાવે છે ? નથી માતાપિતાને ખબર, નથી ભણાવનાર ને ખબર અને નથી ભણનારને ખબર. ભણાવનારને હવે માત્ર પગાર

અને પેન્શનમાં રસ છે, ભણનારને માત્ર પેકેજમાં રસ છે. મૂલ્ય માટે ન તો માતાપિતાનો આગ્રહ છે, ન વિદ્યાર્થીનો ન શિક્ષકનો આગ્રહ છે. ચાર દિવારોમાં ચાલતું આ શિક્ષણ ખમીર અને ખુમારીના ભુક્કા બોલાવી દે છે. એ વિષે વિચારવાને પણ સમય નથી રહેતો આપણી પાસે એટલી બધી ગુંચોમાં આજનો સમાજ ગુંચવાઈ ગયો છે, કે આજના ધર્મવિહીન રાજકારણે ગુંચવી નાંખ્યો છે.

નકલી વિકાસમાં આપણે આંધળા બની ગયા છીએ. એક એવું શિક્ષણ ચાલી રહ્યું છે જેનાથી આતંકવાદ, સાયબર ક્રાઈમ, બેંકની N.P.A. અને કૌભાંડો જ વધતા રહે. આજના શિક્ષણની આ ભેટ છે.

હજી સમય છે ''રૂક જાવ'', જાગીએ, સ્વતંત્રતા મળી છે એ બહુમૂલ્ય વસ્તુ છે અને બહુમૂલ્ય ચૂકાવીને મળી છે. જેવી છે તેવી પાંગળી પણ લોકશાહીમાં જ હજી કંઈક થઈ શકશે. હકની સાથે ફરજ બજાવશું તો જ હકની એ સ્વતંત્રતાનો અહેસાસ થશે.

ગોરક્ષા પાત્રનો મુળ આશય છે લોકોને પોતાની ફરજ પ્રત્યે જાગૃત કરવા. અમે પરમ સ્વતંત્રતા-મુક્તિનો આસ્વાદ માણી રહ્યા છીએ સહુને એ કેમ મળે એ ગુરૂકૃપાએ સુઝયું છે અને એટલે જ સહુને કહીએ છીએ આપણી સ્વચ્છતાની ફરજ અચૂક બજાવીએ. સાચી દિશાના વિકાસ તરફનું આ પ્રથમ પગલું છે. આપણી પાસે આ ફરજ બજાવી શકીએ એટલી જ શક્તિ આજના વિકાસે આપણી પાસે રહેવા દીધી છે. એ બચેલી શક્તિનો ઉપયોગ કરી આવનારી અનેક પેઢી બચાવી લેવાની આપણી ફરજ આપણે કરશું તો હક તો સહજ મળશે માંગવા નહી પડે. અને સાચી સ્વતંત્રતાનો આનંદ ગરીબ-અમીર સહુ ભોગવી શકે. સહુના સુખમાં આપણુ સુખ છે. સુખ વહેંચવાથી વધે છે. ''ત્યાગીને ભોગવો'' એ આપણી સંસ્કૃતિ છે. એ ભારતની મુળ સંસ્કૃતિના ભોગે વિકાસ નહી. વિનાશ જ થાય. આ સંસ્કૃતિને, આવતી અનેક પેઢીયોને માટે બચાવી લેવી એ આજનો પ્રાણ પ્રશ્ન છે.

પ્રશ્ન છે તો જવાબ પણ છે જ. અને એ જવાબ અમને ગુરૂકૃપાએ મળ્યો છે, અને જે સાવ રહેલો છે. આંતરબાહ્ય સ્વચ્છતા કરવી. બાહ્ય સ્વચ્છતા એ આંતર સ્વચ્છતાનો પાયો છે. જે હાથવગો આપણે કરી શકીએ એવો સાવ સહેલો ઉપાય છે.

સુખ આપણે દરવાજે દસ્તક મારીને ઉભું છે. બારણું ખોલશું ? સર્વથા સહુ સુખી થાઓ એ જ પ્રાર્થના.

**- તંત્રી, રમેશ દોશી.**

**''યજ્ઞપુરુષને પગલે''**
**કોણ આવશે ? કોણ આવશે ?**
**તુ જ પંથ રે બાગી ?**
**ઓ અગ્નિપથ અનુરાગી ?**

હે સાધુ બળવાખોર પ્રચંડ ભભૂકતાં શાંત હુતાશન ?
હે ભવ્ય બલિને મસ્તકપદ સ્થાપી વસનારા વામનો
તું બાળ સમો હસનારો ને કાલાગ્નિ ગ્રસનારો
આ યજ્ઞકુંડનાં હોમશિખર પર માંડી અનલે આસન,
બંધ કરો આ ગાન, અંજલિદાન, આંસુઓ ઊનાં,
એ માગી રહ્યો છે પ્રાણપ્રાણ જ્યાં પંથ પડેલા સૂના
સૌ નમી રહો કાં પૂંજી ? કાં પામર હૈયે ધ્રૂજી ?
બંધ કરો ઉપહાસ આરતી, ક્ષુદ્ર વંદના વંધ્યા ?
નવા જન્મનું પ્રભાત છે આ નથી છવાતી સંધ્યા,
આ નથી આરતી શેષ દર્શન છેલ્લાં,
આ નથી દેવની સ્તુતિ વિસર્જન વેળા,
પણ પુરુષ પ્રવર પડે અમૃતનો પંથ રહે છે ચીંધી
કોણ આવશે ? કોણ આવશે ? તુજ પંથ હે બાગી.

**- મકરંદ દવે**

ગીતામાં ભગવાને વચન આપ્યું છે यदा यदा हि धर्मस्य ग्लानिर्भवत्ति भारत... જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થશે ત્યારે ત્યારે અધર્મને દૂર કરવા હું માનવદેહે પૃથ્વી પર અવતરી શકું. દુનિયાની વાત છોડો, અત્યારની ભારતની પરિસ્થિતિમાં ધર્મની ગ્લાનિ શું, ધર્મનો નાશ થતો અનુભવાઈ રહ્યો છે. અધર્મની આવી અગનજાળ વચ્ચેથી રસ્તો કાઢીને કોણ અગનપંથી આપણી વચ્ચે આવીને આપણને આ આગના દરિયામાંથી બચાવશે ?

- અને અચાનક આપણને યાદ આવી જાય આપણા ગાંધીબાપુ ! રાષ્ટ્રપિતા ! દોઢસો વર્ષોની ગુલામીની વસમી સાંકળોમાંથી છોડાવનારા તારણહાર ! એ પણ આવા જ અગનપથના અનુરાગી હતા. આ ગીતના એકે એક વિશેષણના વિશેષ મનુષ્યને શોધવા જઈએ તો આપણા બાપુમાં એ ગુણમૂર્તિ અક્ષરો - અક્ષર અનુબંધાતી જડે !

એ સાધુ તો હતા જ, પણ બળવાખોર, ક્રાંતિકારી યુગપુરુષ પણ હતા. માત્ર સ્વતંત્રતા - પ્રાપ્તિની ક્રાંતિ જ એમણે ન કરી. રાષ્ટ્રને સ્વરાજના પંથે આગળ લઈ જનારાં રચનાત્મક કાર્યોમાં પણ એમણે નવી દિશાઓ ખોલી આપી. ગાંધીદીધી ખાદી એ વસ્ત્ર નથી, એ તો આખું જનજીવન સ્વાવલંબી અને સ્વમાની બને તે માટેના આયામરૂપ હતી. ખાદીના વિચાર પાછળ સમગ્ર સમાજક્રાંતિની અભૂતપૂર્વ ક્રાંતિકારિતા છુપાયેલી છે.

જીવનનું એક પણ ક્ષેત્ર એવું બાકી નથી રાખ્યું, જ્યાં એમણે ક્રાંતિનું કવચ દર્શાવ્યું ન હોય!

એ ટાઢાબોળ થીજી ગયેલા બરફ નહોતા. એ તો ભભૂકતા હુતાશન, ભડકે બળતી હોળીસમા હતા. પોતે પ્રજ્વળે, બીજાને ઉષ્મા આપે, હૂંફ પહોંચાડે. ધરતીકંપની વચ્ચે જ્વાળામુખી પર્વતની જેમ એ બેસતા એમની અગનજ્વાળાઓ દઝાડનારી નહીં, હૂંફ અને પ્રકાશ દેનારી હતી. મીણબત્તીની જેમ ખુદ બળીને એ બીજાને પ્રકાશ આપતા, એમનું સ્થાન બળિરાજાના મસ્તક પર હતું અને એ વામન બનીને પાતાળ-પૃથ્વી અને આકાશવ્યાપી ત્રણ પગલાં ભરતા. નાનકડી તકલી, સૌથી સસ્તું મીઠું અને સર્વજનસુલભ ઉપવાસ એમના સત્યાગ્રહનાં સાધન બની જતાં. એમના બોખા મુખે એ હસતા ત્યારે બાળસમા વહાલા લાગતા, પણ એ કાળવશ નહોતા, એ કાલજિત હતા. એમનું આસન સદાસર્વદા હોમકુંડની આભે અડતી શિખાઓ ઉપર રહેતું.

આજે બધા લોકો ભોગની પાછળ પડી પૂંજીપતિ થવા ઝંખી રહ્યા છે! અથવા તો સત્તા અને બળ સામે પામર બનીને ધ્રૂજી રહ્યા છે. કોઈને કરવું - ધરવું કશું નથી! ખાલી મગરનાં આંસુ વહેવડાવવા છે. આવો કરુણ ઉપહાસ હોય? આવાં લુખ્ખાં આરતી પૂજન બંધ કરો! છોડી દો આવી ક્ષુદ્ર વંધ્ય વંદના બાપુને ગયે આજે સાત સાત દસકા વીતવા આવ્યા, આપણે આ 'શહીદ દિન' ઊજવવા સિવાય બીજું શું કર્યું? દરેક જણ કહે છે કે અમે માર્ગ શોધી રહ્યા છીએ, પણ એ સાધુડાએ શોધેલો પંથ તો આ સામે પડ્યો, એના પર ડગ ભરતાં અચકાય છે શા માટે?

એ ક્રાંતિવરે ચીંધેલો પંથ આજે ખોવાઈ નથી ગયો. એ સામે જ પડ્યો છે. એ પંથ વીતી ગયેલી રાત નથી, એ તો નવા જન્મનું પ્રભાત છે. એ કોઈ સમીસાંજની સંધ્યા નથી કે એને પગલે ઘનઘોર રાત આવે. આ તો નિત્યનૂતન પ્રકાશ પાડનારા પ્રભાતની પ્રથમ પગલી છે. આ સાયંગીત નથી, આ તો પ્રભાતિયું છે! જાગીને ઊઠવાનું છે, ઊઠીને ચાલવાનું છે! આ ટાણું ગણપતિ -વિસર્જનનું નથી, આ તો ગણેશ-સ્થાપનનો મંગળ દિન છે, જ્યારે દેવત્વનું આહ્‌વાન કરવાનું છે. આપણા સૌમાં પામરતા ગળી જઈને દેવત્વ જાગે, એ માટે શક્તિસંચાર કરવાનો છે. આપણા એટલા સદ્‌ભાગ્ય છે કે આપણી ભૂમિ પર આવો મૂઠીઊંચેરો, ગગનગામી પુરુષ પાક્યો કે જે આપણને અંધકારમાંથી પ્રકાશ ભણી લઈ જાય, સર્વનાશને બદલે અમૃતપંથે ચાલતા કરી દે. ઊંચે આકાશે ચઢી આજે પણ એ સાદ પાડી પાડીને સુખશાંતિનો રસ્તો ચીંધી રહ્યો છે, ત્યારે એ પંથને અનુસરનારાં કોણ આવશે! રે બાગી!

પાછાં પગલાં એટલે આપણા જીવનના તમામ સંબંધોને ટકોરા મારી મારી તપાસી લેવા. એમાંથી આવતી અંધ સ્વાર્થની બદબૂ, ભોગનું સાધન બનાવી અતિભોગી બનીને અતિરોગી બનવા તરફ આગળ વધવાનું ચાલુ રાખવું છે કે તમામ સંબંધોને પુરાણપુરુષોએ ચીંધેલી ભૂમિકા ભણી લઈ જવા છે? હવે સરકારો કે સત્તાધીશો અને અબજો - કરોડપતિઓને જોયા - તપાસ્યા કરવાના દહાડા પૂરા થયા. હવે તો જાગવાનું ટાણું છે. દીર્ઘ મૂર્છાને ત્યાગવાની જરૂર છે. ભાનમાં આવી સવેળા ચાલતા થવાની જરૂર છે.

ગાંધીનો પંથ આપણા પગરવ સાંભળવા રાહ જોઈ રહ્યો છે. ભલે બે ચાર, પાંચ - પચાસ જણ પણ એ રસ્તાને ખેડીશું તો બીજ સચવાઈ જશે અને સાચી ઉજવણી થશે.

**- મીરા ભટ્ટ, જન્મભૂમિ પ્રવાસી**

## ''નવા વર્ષે તમારા સૌના દિલમાં ઈશ્વર પ્રેમનો ચિરાગ પ્રગટાવો''

દિવાળીના તહેવારની ઉજવણીમાં હંમેશ દિવા જલાવી રોશની શા સારુ કરવામાં આવે છે તે આપણે સહુએ બરાબર સમજી લેવું જોઈએ. રામ અને રાવણ વચ્ચેના યુદ્ધમાં સર્વ દૈવી તત્ત્વોના પ્રતિનિધિ રામે સર્વ આસુરી તત્ત્વોના પ્રતિનિધિ રાવણને પરાજય આપ્યો. એ વિજયથી રામરાજ્યની સ્થાપના થઈ. **રામના વિજયની ઉજવણી તેણે જ કરવાની હોય જેના દિલમાં રામ વસેલો હોય** કેમ કે માણસોનાં દિલને અથવા આત્માને અજવાળવાને એક ઈશ્વર જ સમર્થ છે અને એ અજવાળાની જ **કિંમત છે. બહાર ગમે તેવા ઝગઝગતી રોશની કરો પણ તેનું કોઈ લક્ષણ અંતરમાં ન દેખાતું હોય તો તેનો કશો અર્થ નથી.** આજે આપણને માણસના દિલમાં પ્રેમનું અજવાળું પ્રગટાવવાની જરૂર છે. એવું અજવાળું તમે સહુ તમારા દિલમાં પ્રગટાવો. વિક્રમ સંવતના આજના છેલ્લા દિવસે હું આશા રાખું છું કે તમે સહુ તમારા અંતરમાં રહેલાં આસુરી તત્ત્વો પર આખી સાલ દરમિયાન જીત મેળવતા રહેશો અને દૈવી સંપત્તિના પરભુ રામને તમારા અંતરના સિંહાસન પર સ્થાપશો અને આવતી કાલથી શરૂ થતા નવા વરસમાં તમારા સહુનું અને હિંદનું કામ રૂડી રીતે ચાલે અને તમે સહુ એકબીજાની અને એકલા હિંદની નહીં પણ હિંદ દ્વારા સારા જગતની સેવા કરવાને સમર્થ થાઓ તેટલા ખાતર તમારા સહુના દિલમાં ઈશ્વર પ્રેમનો ચિરાગ પ્રગટાવો. **- ગાંધીજી.**

# શ્રીમદ્‌ના મુમુક્ષુઓમાં આજસુધી કેમ કોઈ ‘‘સર્વસંગ પરિત્યાગી’’ નહિ ?

શ્રીમદ્‌ રાજચંદ્રજીએ ‘અસંગ’ દશા કે સર્વસંગ પરિત્યાગ સાધ્ય કરવા અપીલ કરતા નીચેના જેવા અનેક તત્વ વિધાનો તેમના ગ્રંથમાં રજૂ કર્યા છે.

(૧) સર્વશાસ્ત્રો કેવળ અસંગ થવા અર્થે કહ્યા છે.

(૨) યૌવનનો સર્વસંગ પરિત્યાગ મહત ફળને આપનારો છે.

(૩) હું એક છું, અસંગ છું, સર્વ પર ભાવથી રહિત છું.

સવાલ એ થાય છે કે શ્રીમદ્‌જીની આવી વારંવારની શીખ છતાં તેમના ભક્તો કે અનુરાગીઓમાંથી આજ સુધીમાં કોઈ સર્વસંગ પરિત્યાગી - અસંગ નિગ્રંથમુનિ થયાનું કોઈ ઉદાહરણ કેમ જોવા મળતું નથી?

આનો ખુલાસો સમજતા પૂર્વે આનુષંગિક વિસ્તૃત વિચારણા કરવી જરૂરી છે. સર્વપ્રથમ ‘સર્વસંગ પરિત્યાગ’ કે ‘અસંગ’ શબ્દની વ્યાખ્યા કે અર્થ સમજી લઈએ. આવી અસંગ કે સર્વસંગ પરિત્યાગવાળી વ્યક્તિ બાહ્ય રીતે પણ પંચમહાવ્રતધારી મુનિવેશમાં હોય અને આંતરિક રીતે પણ મહાવ્રતના આચાર સાથે વીતરાગ દશાવાળી, સ્થિત પ્રજ્ઞ, નિર્મોહી, નિઃસ્પૃહ જીવન જીવનારી હોય. આમ બન્ને અંતરબાહ્ય દશા થાય, તેને સર્વસંગ પરિત્યાગી કહી શકાય. ઓછામાં ઓછું આથી બન્ને પ્રકારની ત્યાગ શ્રેણી માટે જીવનમાં બહુમાન વર્તે ત્યારે જ આવી સર્વસંગ પરિત્યાગ દશા પ્રગટાવવા પુરૂષાર્થી બની શકે. જો બેમાંથી કોઈ એક દશા માટે આદરભાવ ન હોય તો સર્વસંગ પરિત્યાગી - અસંગ- ન જ બની શકાય એ સ્પષ્ટ છે.

જેમણે આ સર્વસંગ પરિત્યાગની વારંવાર શીખ આપી છે તેવા ખુદ શ્રીમદ્‌જીના જીવનમાં ગૃહસ્થ દશાના ઉદયને કારણે (આસક્તિ ને કારણે નહિ) ‘સર્વસંગ પરિત્યાગી’ બની શકેલા નહી. આમ છતાં ટૂંક સમયમાં જ-૩૬ ની ઉંમરે સર્વસંગ પરિત્યાગ કરવાનો દ્રઢ સંકલ્પ તેમણે કરેલો. પરંતુ અફસોસ આયુષ્ય બળ ઓછું પડ્યું, તેત્રીશની વયે જ તેમનું દેહાવસાન થઈ ગયું.

જોકે જીવનમાં અંતર-બાહ્ય બન્ને જરૂરી છે પરંતુ તેમાં જીવના અંતરંગ ત્યાગનું જ મુખ્યપણું છે. આવું સમજી શકનાર મુમુક્ષુઓ, શ્રીમદ્‌ના ગૃહસ્થવેશને લક્ષમાં નહિ લેતા, તેમની અંતરંગ ત્યાગ દશાને પ્રધાન કરીને, શ્રીમદ્‌જીને તિર્થંકરની કક્ષાની વિભૂતિ તરીકે જોઈને, તેમને જ પોતાના સદગુરૂ તરીકે હ્દયમાં સ્થાપીને તેમના પૂજારી બનેલા અને આજ સુધી તેમ બનતું રહ્યું છે.

અહીં સુધી તો બધું બરાબર હતું પણ અપવાદો બાદ કરતાં શ્રીમદ્‌ ભક્તોની આ સાથે એક ભૂલ એ થઈ કે તેઓ બાહ્યથી મુનિવેશધારી પણ અંતરંગમાં રાગદ્વેષ જનિત કષાયો વાળા શિથિલ મુનિગણ પ્રત્યે વિનયગુણ ચુકીને તેમની અવહેલના કરતા થઈ ગયા. આમ બનવાનું એક કારણ એવું પણ હતું કે આવા મુનિગણ આત્મજ્ઞાની પણ ગૃહસ્થવેશી હોવાથી રાજચંદ્રજી પ્રત્યે અનાદરભાવ વ્યક્ત કરતાં હતા. અહીં એ નોંધ જરૂરી છે કે શ્રીમદ્‌જીના જીવનકાળ દરમ્યાન મુનિગણે શ્રીમદ્‌જીની અવહેલના કરેલી પણ તેમના દેહોત્સર્ગ પછી શ્રીમદ્‌જીની ‘મહાન વિભૂતિ’ તરીકેની યશ, કિર્તિ દિનપ્રતિદિન વિસ્તરતી જોઈને તેમના ભક્તો વધતાજ ગયા છે અને મુનિગણ પણ તેમની ટીકાને સ્થાને, તેમને ‘આત્મજ્ઞાની’ પુરુષ સમજી વિનમ્રભાવે તેમને અતિ અતિ આદર અર્પતો થયો છે. આજે તો એમ લાગે છે કે ભાવિમાં પણ શ્રીમદ્‌ વધુ વિસ્તરતા જઈને એ રીતે અક્ષયકીર્તિને પ્રાપ્ત કરશે. જો કે ખૂદ શ્રીમદ્‌ે તો પોતાના ગ્રંથમાં કીર્તિને પોતાની વિષ્ટા જેવી તુચ્છ ગણી છે. એવાને જ ‘અક્ષયકીર્તિ’ પ્રાપ્ત થાય ને! તેથી તેનાં પ્રત્યાઘાતરૂપે શ્રીમદ્‌ના ભક્તો પણ એવા શિથિલમુનિ જગત પ્રત્યે વંદનાદિનો અપૂરતો વિનય કરતાં થઈ ગયા. તેથી ઉલટું ગૃહસ્થ પણ શ્રીમદ્‌ના ગ્રંથનો સ્વાધ્યાય કરાવનાર મુમુક્ષુ વ્યક્તિને ખૂબ ભક્તિપૂર્વક વંદના-બહુમાન કરતા થઈ ગયા જે આજે પણ ચાલુ છે.

આમ શ્રીમદ્‌ના અનુયાયીઓની વ્યવહારિક ભૂલ એ થઈ કે ગૃહસ્થવેશી શ્રીમદ્‌ને પૂજ્ય ગણી શકે પણ મુનિવેશધારી પ્રત્યે પૂજ્યભાવ તો ઠીક પણ વંદનાદિનો યથાર્થ વિવેક પણ તેમણે છોડી દીધો.

શ્રીમદ્‌ના અનુરાગીએ પોતાના પરમગુરૂ શ્રીમદ્‌ની શીખ મુજબ ‘સર્વસંગ પરિત્યાગ’ વાળું જીવન બનાવવા અંતરંગ ત્યાગ ઉપરાંત બાહ્યત્યાગ વાળી મુનિ દિક્ષા - મુનિવેશમાં - પણ આવવું જોઈએ. તો બીજીબાજું તેઓ મુનિઓ શ્રમણસંસ્થા તરફ પૂરતો આદર પણ ન દર્શાવી શકતા હોય તો મુનિદિક્ષા લે કોની પાસે?

આમ શ્રીમદ્‌પંથી માટે બાહ્યદિક્ષાનો-મુનિવેશધારી બનવાનો દરવાજો જ બંધ થઈ જાય છે. તેથી એ સર્વસંગ પરિત્યાગની કક્ષામાં કેવી રીતે આવી શકે?

આથી શ્રીમદ્‌ના અનુરાગીઓમાંથી આજસુધી કોઈ સર્વસંગ પરિત્યાગી બન્યાની ઘટના બની નથી અને એ ભૂલ નહિ સુધરે ત્યાં સુધી એ શક્ય જ નહિ બને એમ લાગે છે. છતાં અપવાદરૂપે પણ કોઈ વિરલ શ્રીમદ્‌ ભક્ત ભાવિમાં ‘સર્વસંગ પરિત્યાગી’ બનીને, શ્રીમદ્‌ની અસંગ બનવાની શીખને, સંપૂર્ણ આત્મસાત કરીને આચારમાં અમલ બનાવે એવી શાસન દેવને પ્રાર્થના કરીએ!

**- સ્વ.મલૂકચંદ રતિલાલ શાહ, અમદાવાદ.**

## સ્વયંબોધ-પ્રત્યેકબોધ

કેટલાંક માણસોને માતા-પિતા કે સમાજના વાતાવરણના સંસ્કારો વગર જ આપમેળે બોધ થઈ જાય છે. તેને સ્વયંબોધ થયો કહેવાય છે. આની પાછળ પૂર્વજન્મના સંસ્કારો અને કર્મોનો ક્ષયોપશમ કારણભૂત હોય છે. તેમને સ્મૃતિની પરંપરાએ પોતાના સ્વરૂપની સ્મૃતિ થઈ જાય છે. આવી સ્થિતિમાં કોઈ પણ આલંબન હોતું નથી તેથી તેમની સ્થિતિ નિરાલંબન હોય છે. તે કોઈ ગુરુ પાસે દીક્ષા લેતા નથી પણ પોતે જ મુનિવેષ ધારણ કરે છે. આત્મામાં પડેલા જન્મજન્મના સંસ્કારો શુદ્ધ અને નિર્મળ થતાં તેઓ અનાયાસે સ્મૃતિ વડે ઉદ્દબુદ્ધ થઈ જાય છે. તીર્થંકરો બધા આવા સ્વયંસબુદ્ધ હોય છે. એમને જ્યારે અન્ત:સ્ફૂરણા થાય છે કે મારે હવે ત્યાગમાર્ગ સ્વીકારીને તીર્થસંઘની રચના કરવી જોઈએ. તેથી તે સ્વયંમેવ દીક્ષા લે છે; બુદ્ધ થાય છે અને અંતે સિદ્ધ થાય છે.

આવો જે એક બીજો પ્રકાર છે સાલંબન બુદ્ધ થવાનો! તેમાં કોઈને કોઈ એક નિમિત્તને લઈને સ્મૃતિ વડે અન્ત:પ્રેરણા જાગે છે; તેઓ વૈરાગ્ય લે છે. આવાને પ્રત્યેકબુદ્ધ કહેવામાં આવે છે. આમાં પણ સ્મૃતિ વિકાસનો સ્રોત રહેલ છે.

કરકંડુ રાજાને પોતાના પોઠિયાને જોઈને આવું જ્ઞાન થયું. તેમણે જે પોઠિયાને દૂધ પાઈને ઉછેર્યો હતો, તે ઘરડો થવા આવ્યો. એકવારના બળવાન પોઠિયાના હાડકાં દેખાતાં તેમને થયું કે આ શું? સેવકોને પૂછયું તો તેમણે જણાવ્યું કે ''સઘળા પ્રાણીઓની આવી જ દશા થવાની. આપની પણ આવી જ દશા થશે.'' તેથી કરકંડુ રાજાને વૈરાગ્ય આવી ગયો અને પોતાની પૂર્વ સ્મૃતિઓનો ઉદ્ભવ થતાં તેમણે દીક્ષા લીધી.

**સ્વયંસ્ફૂરણા:** કેટલીક વખત માણસને પોતાના અંતરથી કેટલીક વાતો સૂઝી આવે છે અને તેથી તે સ્ફૂરણા પ્રમાણે કાર્ય કરે છે એને ન્યાય દર્શનમાં ''પ્રાતિભ-જ્ઞાન'' કહેવામાં આવે છે. તે પણ સ્મૃતિ વિકાસનો એક સ્રોત જ છે. ''આજે મારું કામ સફળ થશે!'' ''આજે અમુક વ્યક્તિ મારા ઉપર પ્રસન્ન થશે જ!'' ''મારું મન સાક્ષી આપે છે કે આ કામ સફળ નહી થાય! આ બધી સ્વયંસ્ફૂરણા પ્રાતિભ-જ્ઞાનમાં જાય છે. સ્વયંસ્ફૂરણામાં ભૌતિક સફળતા કરતાં આધ્યાત્મિક સફળતાનો વિશેષ અંશ હોય છે. જ્યારે સ્ફૂરણા થાય છે ત્યારે અંતરમાં એક જાતનો પ્રકાશ થાય છે. જૈન દર્શન પ્રમાણે સ્ફૂરણા થતાં ભાવમનમાં પ્રકાશના કિરણો પ્રગટ થયા; એમ કહી શકાય. ભાવમનને જૈનદર્શનમાં ચેતન સામીપ્ય રૂપ માનવામાં આવ્યું છે. તેના કારણે જીવનમાં ઉન્નત દશા તરફ વળાય છે. આ અંગે એક શાસ્રનો દાખલો લઈએ.

કોશાંબી નગરીમાં પ્રભૂતધનસંચય નામનો શ્રેષ્ઠીપુત્ર રહેતો હતો. એને એકદા આંખની ભારે વેદના થઈ. એના પિતા ખૂબ ધનાઢય હતા. તેમણે ઉપચાર કરાવવામાં કંઈ પણ બાકી ન રાખ્યું. વૈદો, નિમિત્તજ્ઞો, બાવા-ભૂવા બધાને તેડાવ્યા પણ કઈ અસર ન થઈ.

બધાની સેવા ચાલુ હતી. માનું વહાલ હતું, પત્નીની અખંડ સેવા હતી. પિતા ખડે પગે ઉભા રહેતા હતા. બહેનો ભાઈ-ભાઈ કરીને ઓછી થઈ જતી હતી. ભાઈઓ પાંડવો જેવા હતા. બધા દુ:ખી થઈને રહી જતા પણ કોઈ તેમનું દુ:ખ દૂર કરી શકતા ન હતા.

તેથી શ્રેષ્ઠીપુત્રે એક રાતના ઊંડું ચિંતન કર્યું. તેને સ્વયંસ્ફુરણા થઈ : ''હું આ સાંસારિક માયાથી અનાસક્ત થઈ, ઘરબાર છોડીને ત્યાગમાર્ગ સ્વીકારૂં તો મારી આ ચક્ષુવેદના મટી જાય! પછી આ જગતના દુ:ખનું કારણ શોધું!'' આવી સ્ફુરણા થતાં શ્રેષ્ઠીપુત્રે સંકલ્પ ર્ક્યો અને સવાર થતાં તેની વેદના મટી ગઈ. રોગ મટી ગયા પછી તે પોતાના સંકલ્પ ઉપર દ્રઢ રહ્યા અને કુટુંબને વાત કરી તેમની રજા લઈ ઘરબાર છોડીને સાધુ બન્યા. જૈનાગમમાં તેમનો દાખલો અનાથીમુનિની કથા રૂપે છે.

આમ સ્મૃતિ-વિકાસનો સ્રોત સ્વયંસ્ફુરણા પણ બને છે.

**- મુનિશ્રી સંતબાલજી, ધર્માનુબંધી વિશ્વદર્શન, ભાગ ૧૦, પાના નં.૧૯, ૨૧, ૨૨**

## આજનું શિક્ષણ

શિક્ષણમાં અંધેર વધતું જ જાય છે. સ્કૂલોની ફી મોંઘી થતી જાય છે. પુસ્તકો વધતાં જાય છે. દફ્તરનો ભાર બાળકના ગજા બહાર વધી ગયો છે. ટ્યુશનનો ભાર અને માર વધતો જાય છે. અંગ્રેજી માધ્યમની માયાજાળ વધતી જાય છે. બાળકો ઉપર ભણતરનો અને માબાપનો ત્રાસ વધતો જાય છે. કોલેજો અને યુનિવર્સિટીઓના પ્રોફેસરોના પગાર અનહદ વધતા જાય છે. તેમના દ્વારા અપાતું શિક્ષણ વધુને વધુ બિનઉપયોગી અને નિરર્થક સાબિત થતું જાય છે. ભણેલા બેકારોની વણઝાર સતત વધતી જાય છે. કોલેજના છોકરા-છોકરીઓ છાકટા અને બેજવાબદાર બનતા જાય છે. ચારિત્ર્ય અને નીતિ સદાચારનો લોપ ઝડપથી વધતો જાય છે. વિમલાતાઈનું વાક્ય ''આપણી તમામ શિક્ષણ સંસ્થાઓ આપણી સંસ્કૃતિના કતલખાનાં છે'' એ વધુને વધુ સાર્થક પૂરવાર થતું જાય છે. વિકાસનું આ શિક્ષણ આખા સમાજને ઝડપથી વિનાશ તરફ ધકેલી રહ્યું છે. **- વેલજીભાઈ દેસાઈ, સૌ. સંસ્કૃતિ રક્ષા સમાચાર**

## રખડતી ગાયોની સમસ્યાનો ઉકેલ

ગોવંશ હત્યા બંદીનો કાયદો થયા પછી રખડતી ગાયોનું કરવુ શું ? ખેડૂતો સામે આ એક મોટો પ્રશ્ન ઊભો થયો છે. નિતેશ ઓઝા નામના ઉચ્ચ શિક્ષણ લીધેલા તરૂણે એનો ઉપાય શોધ્યો છે. કોલ્હાપૂર જિલ્લાના નીમશીર ગામની હદમાં રખડતી ગાયોનો વાડો બનાવી ત્યાં ગોમય અને ગોમૂત્રમાંથી જુદા જુદા પદાર્થો બનાવી છેલ્લા વર્ષમાં નિતેશે સારી એવી કમાણી કરી લીધી છે.

આ સમય દરમ્યાન નિતેશે ગાયોને આપવામાં આવતા ખાણદાણની વ્યવસ્થામાં સુધારો કર્યો જેનાથી કેટલીક ગાયો ગર્ભવતી થયી ખિલ્લાર જેવી દેશી વંશની આશરે ૧૨ જેટલી રખડતી ગાયોથી શરુ કરેલો વ્યવસાય વધતો ગયો અને છ વર્ષમાં આજે તેની પાસે ૪૦ ગાયો છે.

૨૦૦૩ની સાલમાં બી.ઈ. કોમ્પ્યુટરનું ભણી નિતેશે ફ્લીપકાર્ટ કંપનીમાં કામ કર્યું. ત્યારબાદ પૂનામાં પોતાની કંપની સ્થાપી કારોબારની શરૂઆત કરી. આ સમય દરમ્યાન કામના લીધે જીવનશૈલીમાં બદલાવ આવ્યો. ખોરાક પણ ચોક્કસ સમયે લેવાતો નહતો. પૈસા મળ્યા પણ સુખ શાંતિ અને સમાધાન ખોવાયા છે. એવું નિતેશની સમજમાં આવ્યું. આ જ સમયે (૨૦૦૫માં) તેણે સ્વદેશીના પુરસ્કર્તા શ્રી રાજીવ દિક્ષિતના ભાષણો સાંભળ્યા અને તેમના વિચારોથી પ્રભાવિત થઈ પૂના છોડવાનો નિર્ણય લીધો.

નોકરી અને કારોબાર બંધ કરી ૨૦૦૯ની સાલમાં નિતેશે સાંગલી ગામમાં દેશી ગાયના દુધનું વિતરણનું કામ શરૂ કર્યું. ઘરમાંથી આનો વિરોધ થયો. છતાં પણ ન ડગમગતા, દુધ વેચાણનું કામ નિતેશે ચાલુજ રાખ્યું. ૨૦૧૧માં તેણે પ્રત્યક્ષમાં ગોપાલનની શરૂઆત કરી. એને કતલખાને જતી ગાયો, પોલીસે પકડેલી ગાયો અથવા કોર્ટ મારફતે મળેલી દેશી ગાયો (જે ગોરક્ષકોને આપવામાં આવે છે.) એમાંથી ૧૨ ખિલ્લર જાતિની રખડતી ગાયો નિતિશે લીધી. હવે એને સંભાળવા જગાની આવશ્યકતા વર્તાઈ. નીમશીર ગામ નજીક ડુંગર પાસે ૪ એકર જમીન ૧૫ વર્ષની મુદત માટે ભાડેથી લીધી. મહિનાનું ભાડુ ૧૦૦૦૦/- રૂ. હતું. આ સ્થળે ખિલ્લર જાતિની રખડતી ગાયો માટે એક વાડો તૈયાર કર્યો જ્યા તેઓ છુટથી ખુલ્લામાં ચરી શકે અને રહેવા માટે પાકી ગૌશાળા બનાવી. દરરોજ સવારના ૧૦ વાગે ગાયો ડુંગર પ્રદેશમાં ચરવા જાય. સાંજે ૫.૦૦ વાગે ગાયો પાછી આવે ત્યારે તેમને પૌષ્ટિક લીલો ચારો આપવામાં આવે છે. આ માટે એમણે દોઢ એકરમાં મારવેલ નામનું ઘાસ વાવ્યુ છે. યોગ્ય ખોરાકની વ્યવસ્થા તથા ઔષધોપચાર કરવાથી શરૂઆતમાં ૧૨ માંથી ૭ ગાયો ગર્ભિણી થઈ. છ વર્ષમાં ૯ ગાયો તૈયાર થઈ અને પોલિસ પાસેથી મળેલી અને તૈયાર થયેલી એમ કુલ ૪૦ ખિલ્લર જાતિની ગાયો આશ્રય લઈ રહી છે.

ગાયના છાણ અને ગોમૂત્રમાંથી જુદા જુદા પદાર્થોનું ઉત્પાદન નિતેશે શરૂ કર્યું. જેમ કે છાણમાંથી દંતમંજન, ધુપસળી, લેપ, મચ્છર ભગાડવાની કોઈલ તેવીજ રીતે ગોમૂત્ર માંથી ગોમૂત્ર અર્ક, ઘનવટી અને શેમ્પુ જેવા પદાર્થ બનાવ્યા. આખા વર્ષનાં લગભગ ૪૦૦૦ લી. ગોમૂત્ર પર પ્રોસેસ કરવામાં આવ્યું. વધારાનું છાણ પણ વેચવામાં આવ્યું. નિતેશ પાસે અત્યારે ફક્ત એકજ ખિલ્લર ગાય દુધ આપે છે. માટીના વાસણમાં દહી બનાવી પછી તેમાંથી પહેલાની પદ્ધતીથી રવૈયા વડે માખણ કાઢવામાં આવે છે. અને એમાંથી ઘી બનાવવામાં આવે છે. આ ઘી જુદી જુદી ગંભીર બીમારિયો પર કામ લાગે છે. એના ઘીની કીંમત ૨૫૦૦/- રૂ. પ્રતિ લીટર છે. આખા વર્ષમાં વિવિધ વસ્તુઓના વેચાણથી નિતેશને ૧૫ લાખ રૂપિયા મળે છે. ગૌશાળાની દેખરેખ માટે નિતેશે ત્યાં એક કુંટુંબને નોકરીએ રાખેલ છે. તેનો પગાર, પદાર્થ બનાવવાનો ખર્ચો, ભાડે લીધેલી જગ્યાનું ભાડુ અને અન્ય ખર્ચ બાદ કરતા રૂ.૧૦ થી ૧૨ લાખ તેને મળે છે. દેશી વંશના રખડતી ગાયોમાંથી આટલી કમાણી થાય છે. એ અત્યારના ગોપાલકોએ ધ્યાનમાં લેવું જોઈએ.

**સંપર્ક : નિતેશે ઓઝા, મો.૯૩૭૩૭૭૩૩૭૧**

**- ઈન્ટરનેટ પરથી અનુવાદ - સંપ્રતિ ગડા**

## શ્રધ્ધાંજલિ

## દેશભક્ત સર્વોદય કાર્યકર (ઉ.વ. ૧૦૨)ની વિદાય

આજકાલના બૌદ્ધિક માહોલમાં દિર્ઘાયુ નિસ્વાર્થ સેવક મળવા મુશ્કેલ. તેમાંના એક એવા શિક્ષક મહોદય શ્રી જગદેવસિંહ ઠાકુર તા.૧૧ સપ્ટેંબર ૧૭ ના અરિહંત શરણ થયા. ખાદીધારી સફેદ ટોપીની પહેચાન, શિક્ષક તરીકે ''આદર્શ શિક્ષક મેયર પુરસ્કાર'' મળ્યો. આર્ય સમાજ, દેવનાર ગોરક્ષા સત્યાગ્રહ તથા અન્ય સંસ્થાઓમાં સક્રિય ભાગીદારી. સર્વોદય વિચારના પ્રભાવશાળી લેખક, સંપાદક. ભુદાન યજ્ઞમાં વિનોબાજી સાથે ભ્રમણ. ગાંધી વિચારના પ્રચારક. પ્રાત: યોગથી શરૂ થતું સાદગી ભર્યું જીવન. અંતકાલ સુધી સેવા કાર્યમાં સમર્પિત. ''ચરૈવંતી, ચરૈવંતી'' ના મંત્રાનુસાર ધન્ય જીવન જીવી ગયાનો સંતોષ. તેમને શત શત પ્રણામ

**- અમૃતલાલ દોશી, ગોવિજ્ઞાન ભારતી**

## પારકા માટે જાતે ઘસાઈને ઉજળાં થઈએ ત્યારે...

કુમારી નિકેતા ઘીયા છેલ્લા ૧૫ વર્ષથી કિડની ફેઈલ્યોરને કારણે ડાયાલીસીસના સહારે જીવતી હતી. ગુજરાત રાજ્યના નાણાંમંત્રી રહી ચુકેલા કાંતિલાલ ઘીયા તેના દાદા થાય. નાનપણથી જ તેને નૃત્યનો ખૂબ જ શોખ હતો. સાત વર્ષની ઉંમરથી ભરતનાટ્યમ્‌ના વર્ગો ભરી તાલીમ લીધી. નિકેતા ૧૦ વર્ષની ઉંમરે હતી ત્યારે તેના પર વજ્રઘાત થયો. તેની બન્ને કિડની ફેઈલ થઈ ગઈ. સંઘર્ષ કરીને જીવતી વિધવા માતાએ જાતે કુમારી નિકેતાને કિડની આપી, પણ નિકેતાના કમનસીબે કિડની ટ્રાન્સપ્લાન્ટ ફેઈલ ગયું. ફરી તેના માટે કિડની ડાયાલીસીસ અનિવાર્ય બની ગયું.

નડિયાદની વિખ્યાત મુલજીભાઈ પટેલ યુરોલોજીકલ હોસ્પિટલમાં તેને ડૉક્ટર મોહન રાજાપુરકરે ઘણી સાંત્વના અને પ્રેરણા આપી. આઘાતને કારણે ડિપ્રેશનમાં ગયેલી નિકેતાને નવજીવનનો નવો સહારો મળ્યો. પૈસાના અભાવે કિડની ફેઈલ્યોર દરદીની પીડા જાતે તો અનુભવેલી જ અને એ પારાવાર વેદનામાં આર્થિક અનુકૂળતા ના હોય એવા અન્ય દરદીનું શું થશે તેની ચિંતા પણ તેના માનસને કોરી ખાવા લાગી.

દર માસે બે ત્રણ કે ચાર વાર કિડની ડાયાલીસીસ કરાવતા દરદીઓનાં કુટુંબ આર્થિક ભીંસમાં કેવા સપડાઈ જતાં હશે? તેના પ્રત્યે સંપૂર્ણ હમદર્દી ધરાવતી નિકેતા ઘીયા સતત વિચારમાં વ્યસ્ત રહેતી કે આવા દરદીને હું કઈ રીતે સહારારૂપ નીવડી શકું? વ્યક્તિગત દાતાઓ, દાતા ટ્રસ્ટો, વિગેરે તરફ આંગળી ચીધવાનું કામ તો તેની નસેનસમાં હતું જ પણ તેનાથી વિશેષ જાતે ઘસાઈને આવા દરદીને મદદરૂપ થવાનો તેણે દ્રઢ સંકલ્પ કર્યો. આજે તેનામનમાં ભગવાન રામ સોળે આને વસ્યા હતા.

કિડની સ્પેશીયાલીસ્ટ ડો. રાજાપુરકરને તેના મનની વેદના સંભળાવી. કિડની ફેઈલ દરદીઓને તીનકે કા સહારા કંઈ રીતે પુરૂં પાડવા ચિંતિત એવી ઘીયાને ડૉક્ટર સાહેબે મર્યાદિત માત્રામાં ભરતનાટ્યમ્‌ના સ્ટેજ શો કરવાની અનુમતિ આપી.

નિકેતાના આકર્ષક નૃત્યો સ્ટેજ પર જોઈ પ્રેક્ષકો પ્રફુલ્લિત થઈ પૈસા વરસાવતા થયા. હવે પોતાની ગંભીર માંદગીને પડખે મૂકી તે સ્ટેજ શોમાં વ્યસ્ત રહેવા લાગી. હવે તેની પોતાની પીડા લગભગ વિસરાઈ જ ગઈ હતી જરૂર પડે ત્યારે પેઈનકીલર ઈંજેક્શનો લઈને પણ ''ધ શો મસ્ટ ગો ઓન'' ને લક્ષ્યમાં રાખી નૃત્ય કરવા લાગી.

દશેક વર્ષ પછી તેની શારીરિક વ્યાધિએ માઝા મૂકી. તેનું શરીર જલ્દીથી થાકવા લાગ્યું. હાડકાં પાતળા થતા ગયા. ૨૦૦૭માં બ્રેઈન ડેડ પેશન્ટની કિડની મળતાં નિકેતાએ બીજી વાર કિડની ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું. પરંતુ નિકેતાની ઘસાઈ ગયેલી બોડીએ તેને રીજેક્ટ કરી દીધી. ફરી વાર નિકેતા નિરાશાની ગર્તામાં ડૂબી ગઈ. તે ઊંડી હતાશામાં સરી પડી.

ડો. રાજાપુરકર તેને સતત સાંત્વના, પ્રેરણા તેમ જ હુંફનો સહારો આપતા હતાં. કુમારી નિકેતાએ પણ જ્યાં સુધી શરીરના અંગો, સ્નાયુઓ અને હાડકાં સાથ આપ્યા ત્યાં સુધી ભરત નાટ્યમના સ્ટેજ શો રાખી અધધ! રૂપિયા ૭૦ લાખ જેટલી ભવ્ય રકમ એકઠી કરી, અને કિડનીની પારાવાર વેદનાથી પીડાતા દરદીઓને સહારારૂપ બની નાની મોટી સહાય, મોંઘી દવા, ઈંજેક્શનો અને ડાયાલાઈઝર-ટ્યુબીંગ વિગેરેના મોટા ખર્ચને પહોંચી વળવા આર્થિક સહકાર પુરો પાડતી રહી.

કોઈની માટે ઘસાઈ છુટવાની પ્રબળ ભાવના સમાજ કલ્યાણના કેટલા ભવ્ય, ઉમદા અને અનુકરણીય સેવાના કામો થઈ શકે તે નિકેતા ઘીયા એ પુરવાર કર્યુ!

૩ ઓગસ્ટ ૨૦૧૪ના માત્ર ૪૬ વર્ષની યુવાવયે તેણે આ વસમી દુનિયાની કાયમ માટે વિદાય લીધી! આજે તે કિડની ફેઈલ્યોરના જીવનમાં એક આદર્શરૂપ માનવસેવાની ભેખધારી તરીકે જીવંત છે.

**- રજુઆત : કુલિનકાંત લુઠિયા, ટ્રસ્ટી માનવ જ્યોત**

## સક્રિય સાધુસમાજ શું કરી શકે ?

''ત્રેવીશ ચોવીસ વરસના અંગત અને સામુદાયિક સાધનાના અનેક અનુભવો પછી સાધુ-સાધ્વી શિબિર અનિવાર્ય લાગ્યો કારણ કે ભારત પાસે જગતમાં અજોડ કહી શકાય એવી કોઈ પણ દોલત હોય તો એ તેની સમાજ રચના છે. જેનો કોઈ પણ મુખ્ય સ્તંભ હોય તો ભારતની સાધુ-સંસ્થા છે.''

ઉપરછલ્લી ગણતરી પ્રમાણે ભારતમાં ૫૬,૦૦૦૦૦ સાધુઓ છે. સંસારનો ત્યાગ કરીને નીકળનારા આવડી મોટી સંખ્યામાં ક્યાંયે મરજીવા માણસો મળે? કોઈ પણ દેશમાં નહીં મળે! આ સાધુઓની પોતાની અલગ વસતિ, મસ્તી અને હસ્તી છે. ભયંકર તડકામાં ધૂણી બાળીને, કેવળ લંગોટ પહેરીને, શિયાળામાં ઉઘાડા શરીરે રહીને, મસાણ, ગુફા કે ખંડેરોમાં પડ્યા રહેવું-એને એક વર્ગ સાધુતા માને છે; બીજો વર્ગ કેવળ ધર્મોપદેશમાં સાધુતા માને છે; ત્રીજો વર્ગ વૈભવ-વિલાસની છોળો વચ્ચે મહંતશાહીમાં સાધુતા માને છે. પરિણામે 'સાધુ' અંગેની

સ્પષ્ટ છાપ કે વ્યાખ્યા ખુદ ભારતના લોકો પણ જાણતા નથી. આમાં કેટલાક ઢોંગી, ધૂતારા, પાખંડી, ગુનેગાર પણ હોય છે. પરિણામે 'સાધુ' એટલે આવા પ્રકારની વ્યક્તિ-તેણે આજ કરવું જોઈએ. તે અંગે કોઈ સ્પષ્ટ સાધુ-આચાર-સંહિતાના અભાવે-આવડી મોટી ત્યાગ-વૈરાગ્ય અને લોકજીવનનો ઉત્કર્ષ કરનારી શક્તિ લગભગ વેડફાઈ જાય છે.

આજે રાષ્ટ્રનું આઝાદી બાદ નવઘડતર થઈ રહ્યું છે. આ ઘડતરમાં સક્રિય સાધુ-સમાજ ચોક્કસ ધ્યેય-ઉદ્દેશ્ય સાથે કાર્ય કરે-માર્ગદર્શન આપે તો કેટલું બધું ભવ્ય કાર્ય થઈ શકે? તેનાથી કરોડો માનવ દીવા જ્યોતિર્મય બની શકે! પણ આ બધુ થાય ક્યારે? જ્યારે ભેગા મળાય, વિચારોની આપલે થાય ત્યારે જ! નહીંતર આ મનાતા સાધુવર્ગના પરસ્પરના વિરોધી વિચારો અને મંતવ્યોના કારણે માનવ-માનવ વચ્ચે વાડાઓ બંધાઈ જવા; સંઘર્ષો થવા તેમજ પોતાની સર્વોપરિતા જાહેર કરવા બીજાને ઉતારી પાડવા - આ બધા માનવતા-વિરોધી પ્રવાહો વચ્ચે માનવતાના દીવડાઓનો પ્રકાશ રૂંધાઈ જવાનો.

એવું નથી કે બધા સંતો કે સાધુઓ મળવા માગતા નથી! કે સંકલિત થવા ઈચ્છતા નથી. તેમને ઈચ્છા તો થાય છે પણ તેમ કરવા માટે કોઈ ખરું માર્ગદર્શન મળતું નથી. સર્વધર્મ પરિષદો અને વિશ્વધર્મ-સંમેલનોમાં પણ સર્વે સાધુઓ અંગેની સામાન્ય કે સર્વમાન્ય આચાર-વિચાર કે વહેવારની સંહિતા અંગે કદિ વિચારવામાં આવ્યું નથી. ત્યાં સહુ પોત પોતાના ધર્મો સારા છે, ત્યાં સુધી કહીને અટકી જાય છે. પણ સાધુ સમન્વય કે ધર્મ-સમન્વયની કોઈ વહેવારિક ભૂમિકા હજૂ સુધી રજૂ કરી શક્યું નથી. આ ભૂમિકા સાધુસંસ્થાને ટકાવી રાખવા માટે જેમ-જેમ સમય પસાર થતો જાય છે તેમ વધુ ને વધુ જરૂરી છે.

જગતમાં જો કોઈ પણ વાદ ઉદાર, અને વિશ્વવાત્સલ્ય ફેલાવનાર છે તો તે સાધુવાદ છે. તે સિવાયના બધા વાદો કાંતો સંઘર્ષમાંથી કાં સ્વાર્થમાંથી પ્રેરાયાં હોઈ ને તેમાં માનવતાની ગુંગળામણ સિવાય કાંઈ નહીં નીકળે!

સંકુચિત રાષ્ટ્રવાદ કે પ્રાંતવાદનાં પરિણામો ઈતિહાસના પાને જાહેર જ છે. હમણાં તો પ્રાંતવાદનાં કડવાં પરિણામો ભારતને પણ જોવા મળ્યાં છે. ઘઉં, તેલ, ચોખા, કઠોળ વગેરે માટે, આજની અનાજની કટોકટીના સમયે દરેક પ્રાંતે જે સ્વાર્થી મનોવૃત્તિ દેખાડી છે; તે આપણા માટે લાલબત્તી રૂપે હોવી જોઈએ. વેપારી કે વ્યક્તિ સ્વાર્થી બની શકે પણ કટોકટીના સમયે પ્રાંતીય સરકારો આવું સંકુચિત માનસ જાહેર કરે તેનાથી વધારે દુ:ખદ ઘટના કોઈ ન હોઈ શકે. એના જ વિસ્તરેલા નમૂના રૂપે રાષ્ટ્રવાદ છે. જર્મની અને જાપાને બીજું વિશ્વયુદ્ધ ઊભું કર્યું અને તેના પ્રત્યાઘાતો હજીયે પડી રહ્યા છે. યહુદી, આરબો વચ્ચે કે આફ્રિકાના પ્રાંતીય ઝઘડાઓમાં કેટલાયે નિર્દોષ રેંસાઇ ગયા છે તે કોઈનાથી છૂપું નથી. સંકુચિતવાદનો એક નમૂનો સામ્યવાદ છે. સમાનતાના નામે તેણે જે ખુનખરાબાના પાયા ઉપર પોતાનું ચણતર કર્યું છે તેમાં સત્તા વડે જ શાણપણના બુરાં પરિણામો જોઈ શકાય છે. અને સામ્યવાદ પણ અંતે સત્તાની સાઠમારી કરવા બે દળોમાં વ્હેંચાઈ ગયો છે. પરિણામે વર્ગવિગ્રહ ચાલુ જ છે. પૂંજીવાદ પણ વ્યક્તિગત સ્વાર્થનો પરિપાક છે અને તેનાં માઠાં પરિણામોથી જગત અજાણ નથી.

તો વિશ્વને, રાષ્ટ્રને કે સમાજને જે બળ ખરે માર્ગે દોરી શકે તે સાધુવાદ છે. તેમાં સ્વાર્થ નથી; સત્તાની સાઠમારી નથી. કેવળ વિશ્વઆત્મ સેવા અને લોકકલ્યાણ માટેની ઉદાર ભાવના છે અને તે જ માનવતાના આંસુ લૂછી શકે છે. પણ, આ સાધુવાદને પડખે સંકુચિતવાદો ઘૂસી જતાં તેનું જે તેજ ચમકવું જોઈએ તે ચમકતું નથી.

એક વાત ચોક્કસ છે કે આજના યુગે કાં તો એ સાધુવાદને બહાર પાડવો જોઈએ, પ્રકાશમાં આણવો જોઈએ; નહીંતર એનો પ્રકાશ અંધકારના ઓળામાં દબાઈ જાય; એ પણ એક શક્યતા છે. વિજ્ઞાન, સામ્યવાદ, પૂંજીવાદ અને આ બધાના કારણે માનવજીવનમાં ભોગ-વિલાસની જે પ્રધાનતા આવી છે; તેની પછવાડે સાધુતા કે ધર્મ રહી જાય એ પણ શક્યતા છે. પરિણામે આ માનવ - કલ્યાણકારી તત્ત્વ નકામું વેડફાઈ જાય એવું બની શકે એવો ઈતિહાસ આપણી સમક્ષ છે.

તે ઉપરાંત યુરોપનો સાધુસમાજ જે અતિ વ્યવસ્થિત હોવા છતાં-અર્ધાથી વધારે યુરોપમાં સામ્યવાદ આવતાં તેનો જે રીતે ત્યાં વિનાશ થયો અને વિશાળ બૌદ્ધ સાધુ-સમુદાયની જે કરુણાજનક હાલત તિબેટ અને ચીનમાં થઈ તે પણ ઐતિહાસિક પાઠ સમજવા પ્રેરે છે.

ભારતમાં તેવું નહીં થઈ શકે એમ તો ન કહી શકાય પણ અહીં સાધુસંસ્થાનાં મૂળ ઘણાં ઊંડાં છે અને તેનો પાયો ત્યાગ, વૈરાગ્ય અને સંયમ ઉપર હોવાથી-અહીંની ધરતીનું ખેડાણ જુદા જ પ્રકારે થયું છે. તે છતાં આજે નવીન ભારતના ઘડતરમાં એક તરફથી રાજ્યસંસ્થા કોંગ્રેસ, સક્રિય ભાગ લેતી હોય અને તેની મદદે અમેરિકાનો પૂંજીવાદ અને રશિયાનો સામ્યવાદ આવતો હોય; તો તેનાં જતે દહાડે સંસ્કૃતિ-વિરોધી પરિણામો આવ્યા વગર ન રહે તે દેખીતું છે. તે વખતે છપ્પન લાખ સાધુઓનું મોટું બળ જો સાધુવાદનો પ્રચાર કરી જનતામાં

સાદાઈ, સંતોષ અને વ્યાપક ધર્મને પ્રવેશવા દે અને રાજ્યની ભીડમાંથી વિશ્વજનતાને - બચાવી તેના પ્રભાવ તળે વિશ્વરાજ્યોને લાવી દે તો કેવું સારું!

**મુનિશ્રી સંતબાલજી ધર્માનુબંધી વિશ્વ દર્શન ભા.૧૦ માંથી.**

## સદ્ભાવ રાખનારની કસોટી

**પ્રશ્ન :-** સદ્ભાવથી વર્તનારના જીવનમાં મુશ્કેલીઓ વધતી જાય છે તેમજ આઘાતો વધારે આવતા રહે છે તો તેને શું પ્રભુકૃપા ગણી શકાય?

વ્હાલા ભાઈ મંગળદાસ,

તપ વિના, મુશ્કેલી વિના અને આઘાત - પ્રત્યાઘાતની લાગણીઓને સમભાવે વેદન કર્યા વિના જીવનનું સાચું ઘડતર થતું નથી. સદ્ભાવ રાખનારને અને જીવનમાં તે પરત્વેનું જેને મહત્વ પ્રગટેલું છે અથવા તો જેના જીવનનો રાહ સદ્ભાવ પરત્વેનો છે, તેવાઓને મુશ્કેલીઓ વધારે પ્રકટે છે, તે ભગવાનની પરમ કૃપા છે. મનની સમજણ મેળવવા ને કેળવવાને માટે અથવા તો આપણા મનની ભૂમિકા કેવા પ્રકારે છે, તેની પ્રત્યક્ષ પરીક્ષા થાય તો જ આપણને તે બરાબર સમજાય. આપણે મનાદિકરણથી અને મનાદિકરણની ભૂમિકામાં કેવા છીએ, તે સમજવાનો કાંટો તો મળી રહેતા પ્રસંગોમાં આપણને કેવા આઘાત - પ્રત્યાઘાત ઊઠે છે, તે જ એક સાચું લક્ષણ છે. આપણને ગમે તેટલો ભલેને અન્યાય થતો હોય તેમાં આપણે તો તપની ભાવનાને કેળવવી અને સેવવી. બળે બળે સહન કરેલું નકામું જવાનું, એટલા માટે પ્રેમથી ને ઊમળકાથી સહેવાનું આવે તે સહેજો. સદભાવ કદી છોડશો નહિ. આપણા જીવનનું સાચું ઘરેણું એ જ છે.

ભગવાન  તમો ઉપર કૃપા કરે તેવી પ્રાર્થના. આપણે કદી પણ એકલા કે અટુલા નથી. જો દિલમાં એના પરત્વેની સાચી ભાવના પ્રગટી ગયેલી હોય છે તો હિંમત રાખશો અને દ્રઢ રહેશો.- **લિ.મોટાના વહાલ, હસતું મૌન**

## વિદ્વતા.....

એક વખતે એક મુસાફર ટ્રેનમાં પોતાની સીટ પર બેઠા બેઠા એક ધર્મગ્રંથ વાંચી રહ્યો હતો. આ મુસાફરની બરાબર સામે બેઠેલો માણસ ઘણા સમયથી પોતાની સામે બેઠેલા માણસને ધ્યાનપૂર્વક ધર્મગ્રંથ વાંચતા જોઈ રહ્યો હતો.

એમનાથી ના રહેવાયું એટલે સામે બેઠેલી વ્યક્તિને કહ્યું, ''ભાઈ, હું જોઉં છું કે તમે ક્યારેના આ પુસ્તક વાંચી રહ્યા છો?'' ધર્મગ્રંથ વાંચી રહેલા માણસે વિનમ્રતાથી માથુ હલાવીને હા માં જવાબ આપ્યો. પ્રશ્ન પુછનારે બીજો પ્રશ્ન પુછ્યો, ''આ ધર્મગ્રંથ કેટલા વર્ષો પહેલા લખાયેલો હશે?'' સામેવાળાએ ટુંકમાં ઉત્તર આપ્યો, ''હજારો વર્ષ પહેલા.'' અને ફરીથી વાંચવાનું ચાલુ કર્યુ.

પ્રશ્ન પુછનારે કહ્યું, ''હજારો વર્ષ પહેલા લખાયેલા આ થોથા શું કામમાં આવવાના છે? તમે જાણો છો આજે વિજ્ઞાન કેટલું આગળ વધી ગયું છે અને તમારા જેવા માણસો હજુ આવા જુના થોથા પકડીને વાંચ્યા રાખે છે. દિવસે અને દિવસે નવી નવી શોધો થઈ રહી છે. તમારી કલ્પનામાં ના આવે એવા અદ્ભૂત કાર્યો વિજ્ઞાનદ્વારા થઈ રહ્યા છે. આ જુના ધાર્મિક ચોપડાઓ વાંચવા કરતા થોડું વિજ્ઞાનને સમજવાનો પ્રયાસ કરો અને એને લગતા પુસ્તકો વાંચો.''

સામેની સીટ પર બેઠેલી વ્યક્તિ ધ્યાનપૂર્વક આ ભાઈની વાત સાંભળી રહી હતી. પોતાની વાતને ધ્યાનથી સાંભળતા જોયા એટલે વાત કરવાનો એનો ઉત્સાહ વધ્યો. હવે તો ડબ્બામાં બેઠેલ અન્ય વ્યક્તિઓ પણ આ મહાનુભાવની વાત સાંભળવા ઉત્સુક હતા. એમણે પોતાની વાત આગળ વધારતા કહ્યું, ''હું વિજ્ઞાનનો પ્રોફેસર છું. કોલેજના વિદ્યાર્થીઓને ઘણા વર્ષથી વિજ્ઞાન ભણાવું છું. વિજ્ઞાન મારા લોહીના બુંદે બુંદમાં વણાઈ ગયું છે. તમારા જેવા લોકોને વિજ્ઞાનને બદલે આવા બીનજરૂરી ધાર્મિક પુસ્તકોમાં રસ લેતા જોઉં ત્યારે મારું લોહી બળી જાય છે.''

વાત વાતમાં લાસ્ટ સ્ટેશન આવી ગયું. ધાર્મિક પુસ્તક વાંચી રહેલા ભાઈએ પુસ્તકને બંધ કરીને પોતાની બેગમાં મુક્યૂં. વિજ્ઞાનના પ્રોફેસરે નીચે ઉતરતી વખતે ધાર્મિક ગ્રંથ વાંચી રહેલ વ્યક્તિને એનું નામ પુછ્યુ. એટલે એમને મધુર સ્મિત આપીને કહ્યું, ''મહાશય, મારું નામ થોમસ આલ્વા એડીસન છે.''

અત્યાર સુધી વિજ્ઞાનની વાતો કરનારાનું મોઢુ સિવાઈ ગયું કારણકે દુનિયાને સૌથી વધુ વૈજ્ઞાનિક શોધોની ભેટ આપનાર મહાન વૈજ્ઞાનિકને એ વિજ્ઞાન સમજાવવાનો પ્રયાસ કરતો હતો. થોમસ આલ્વા એડીસને એ વિજ્ઞાનના પ્રોફેસરને કહ્યું, ''ભાઈ, વૈજ્ઞાનિક શોધો વખતે મળતી નિષ્ફળતા સામે ટકી રહેવાનું બળ મને આ ધાર્મિક ગ્રંથમાંથી જ મળે છે. એ ક્યારે લખાયેલા છે એ મહત્વનું નથી પણ કેવું પ્રેરક કામ કરે છે એ મહત્વનું છે.

મિત્રો, એક તો ક્યારેય કોઈને સામાન્ય ન સમજવા અને બીજુ કે થોડીઘણી સમજ આવી જાય એટલે ધાર્મિકગ્રંથોની ટીકા કરવાનું કામ ન કરવું નહીતર વિદ્વતા દેખાડવાની આતુરતા આપણી મુર્ખામી સાબિત કરી દેશે. **- પ્રેષક : રમેશ દોશી**

## ''વાંચકોના પત્રોમાંથી''

(જાન્યુઆરી ૨૦૧૫ થી ગોરક્ષાપાત્ર ફરીથી શરૂ થયું ત્યારે જૂની યાદો તાજી કરતો ફેબ્રુઆરી ૨૦૦૭માં લખાયેલ આ પત્ર વાંચકોને ગમશે.- **સંપાદક મંડળ**)

સ્નેહી શ્રી રમેશભાઈ,

માર્ચ ૨૦૦૭થી 'ગોરક્ષાપાત્ર' માસિક બંધ થાય છે. જાણી ખેદ થયો. તમારા અંતર આત્માએ કહ્યું એ ખરૂં પણ થોડા સમય પછી તમારો અંતરઆત્મા શું કહેશે? ''ગોરક્ષાપાત્ર બંધ કર્યું એ નિર્ણય બરોબર હતો? કે હવે ફરી પાછું શરૂ કરીએ?'' ઘણીવાર આપણને ફરી નવો વિચાર આવે છે અને એ પ્રમાણે આપણે પગલા લઈએ છીએ. આ બાબતના સંદર્ભમાં ટૂંકમાં એક ઘટના આપને જણાવું છું.

એક મા દરરોજ એક ભીખારીને રોટલો આપતી. એ રોજ આવે અને રોટલો ખુશ થઈને લઈ જાય. એક દિવસ એ મા પોતાના બાળક ઉપર ગુસ્સે થઈ અને કહ્યું કે 'આજે તને હું જમવાનું નહી આપું.' બાળકે પણ ગુસ્સે થઈને કહ્યું કે 'હું ઘર છોડીને જાઉ છું.' માને થયું કે એ બાળક ક્યા જવાનો છે. ભૂખ લાગશે એટલે ઘરે તો જમવા આવશેજ કહી એને જવા દીધો. ત્યાર પછી પેલો ભીખારી રોજની જેમ રોટલો લેવા આવ્યો. મા ગુસ્સામાં હતી એટલે એને થયું કે આજે આ ભીખારીને રોટલામાં ઝેર ચોપડી ને આપું તો એ ફરી આવતો બંધ થાય. મા રોટલો શેકતી વખતે ઝેરની બાટલી હાથમાં લે છે ત્યાં તો એકાએક કુદરતી વિચાર આવે છે કે આવું તો ન જ કરવું જોઈએ. એટલે દર વખતની જેમ ઘી ચોપડી રોટલી એ ભીખારીને આપી. એ લઈને એ ચાલ્યો ગયો. બપોર પછી સાંજ થવા આવી પણ બાળક ઘેર પાછો ન આવ્યો એટલે મા ભારે ચીંતામાં ડુબી ગઈ. ઓરડીએ બેસીને પોતાના બાળકની રાહ જુએ છે. ત્યાં તો અચાનક સામેથી એ બાળક દોડતો દોડતો ઘેર તરફ આવતો દેખાય છે. મા ખુશ થઈ જાય છે અને પોતાના બાળકને બાઝી પડે છે. માએ બાળકને વ્હાલથી પુછ્યું કે તું આટલો વખત ભુખ્યો કેવી રીતે રહી શક્યો. ત્યારે બાળક કહે છે કે, ''મા મને ભુખ લાગી હતી એટલે હું રસ્તામાં બેસી રડવા લાગ્યો. પણ એટલામાં એક ભીખારીએ મને રડતો જોઈને પુછ્યું કે તું કેમ રડે છે? ત્યારે મેં કયું કે મને ભુખ લાગી છે, મેં કંઈ ખાધુ નથી, એટલે એણે મને એક રોટલો આપ્યો એ મેં ખાધો અને એ રોટલો બરોબર તું બનાવે છે એવો જ હતો.'' આ સાંભળીને માને જબરજસ્ત આંચકો લાગ્યો. અને વિચાર આવ્યો અને ખાત્રી થઈ કે આ એ જ ભીખારી છે અને જો મેં એ રોટલા ઉપર ઝેર ચોપડ્યું હોત તો શું થાત? આપણા વિચારો ઘણીવાર બદલાય છે અથવા તો બદલવા પડે છે. જે તમે જાણતા જ હશો.

આથી હું ઈચ્છા રાખું છું કે તમને આગળ ઉપર ક્યારેક પણ કુદરતી વિચાર આવે અને ગોરક્ષાપાત્ર માસીક ફરીથી શરૂ થાય એ મારી આપને નમ્ર વિનંતી છે. કુશળ હશો.

**- લી. જયસુખભાઈ ત્રિપાઠી**

## કોકરોચની કથા

ગુગલના CEO, સુંદર પીચાઈએ પોતાની એક મોટિવેશનલ સ્પીચમાં કહેલ કોકરોચ (વાંદો)ની વાર્તા...!

એક વખત એક રેસ્ટોરન્ટમાં એક કોકરોચ ક્યાંકથી ઉડીને એક મહિલા ઉપર પડ્યું. એ મહિલા ડરી ગઈ અને બૂમો પાડવા લાગી. તે એકદમ ગભરાઈ ગઈ અને કોકરોચને દુર કરવા પ્રયાસ કરવા લાગી. ઘણી કૂદા-કૂદ કર્યા પછી એ કોકરોચ દૂર થયું. પણ, એ કોકરોચ ત્યાંથી ઊડીને બીજી મહિલા ઉપર ગયું. હવે તે મહિલા પણ બચાવ માટે બૂમો પાડવા લાગી.

એક વેઈટર એ કોકરોચને દુર કરવા માટે આગળ વધ્યો એટલામાં એ કોકરોચ વેઈટર ઉપર પડ્યું.

વેઈટરે ખૂબ જ શાંતિથી પોતાના શર્ટ ઉપર રહેલ કોકરોચનું અવલોકન કર્યું, અને ખૂબ જ ધીરજથી હાથમાં પકડી રેસ્ટોરન્ટમાંથી બહાર ફેંકી દીધું.

હું કોફી પીતા-પીતા આ મનોરંજન જોઈ રહ્યો હતો. ત્યારે મારા મનમાં વિચારો આવવા લાગ્યા કે..., શું ખરેખર, આ બન્ને મહિલાઓનો ભયભીત વ્યવહાર અને અશાંતિ માટે તે કોકરોચ જવાબદાર હતું? અને જો એમ જ હોય તો વેઈટર અશાંત કેમ ન થયો? એણે ખૂબ જ શાંતિથી કોકરોચને દુર કર્યું.

મહિલાઓની અશાંતિનું કારણ...,

કોકરોચ નહીં, પણ કોકરોચથી બચવાની અક્ષમતા જ એમની અશાંતિનું સાચું કારણ હતું...!

મેં અનુભવ્યું કે, મારા પિતાજી કે... મારા બોસે આપેલ ઠપકો, મારી અશાંતિનું કારણ ન હતું! પણ, એ ઠપકાને સમજવાની અને, એ સમસ્યાનો રસ્તો કાઢવાનું... ''સામર્થ્ય મારામાં નહીં હોવું'' એ જ મારી અશાંતિનું કારણ હતું...!

મારી અશાંતિનું કારણ ટ્રાફિક જામ નહીં, પરંતુ તે ટ્રાફિક જામની સ્થિતિને હેન્ડલ કરવાની મારી અસમર્થતા જ મારી અશાંતિનું કારણ છે.

**(ઈન્ટરનેટ પરથી) પ્રેષક : જતીન દોશી.**

## વિજ્ઞાનીનું સરસ્વતીપૂજન

૧૯૫૪ની સાલ હતી. જાણીતા વિજ્ઞાની મેઘનાદ સહા એ વેળા કલકત્તામાં રહેતા હતા. એમની પાસે એ દિવસે કેટલાક કિશોરો આવ્યા. એ કિશોરો એમના જ મહોલ્લામાં રહેતા હતા. એમણે ડૉ. સહા પાસે સરસ્વતી પૂજા માટે ફાળો માગ્યો ત્યારે સહાએ તેમને પૂછ્યું, 'તમે સરસ્વતીની પૂજા કેવી રીતે કરશો ?'

આ સવાલ સાંભળીને કિશોરોને ઘણી નવાઈ લાગી. એમને થયું કે આટલો ભણેલોગણેલો માણસ અને મોટો વિજ્ઞાની પણ સરસ્વતીપૂજા કેમ થાય એ નહિ જાણતો હોય ?

એમણે કહ્યું: 'ડૉક્ટર સાહેબ ! અમે કલાની દેવી સરસ્વતીની એક મોટી સુંદર મૂર્તિ બનાવી છે. બ્રાહ્મણને આમંત્રણ આપ્યું છે. એ સરસ્વતીદેવીના મંત્રો ભણીને અમારી પાસે પૂજા કરાવશે. લાઉડસ્પીકરની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. સરસ્વતીપૂજા પછી સંગીતનો જલસો થશે અને રાતે નાટક ભજવાશે. આ માટે જ અમે ફાળો એકઠો કરી રહ્યા છીએ.

ડૉ. સહાએ ડોકું ધુણાવ્યું, 'એમ કે? એ રીતે સરસ્વતીપૂજા થાય, એમ ને ?'

કિશોરને વધુ નવાઈ લાગી. એમણે પૂછ્યું: 'ડૉક્ટર સાહેબ, તમે કેવી સરસ્વતીપૂજા કરો છો ?'

ડૉક્ટર સહાએ હસીને કહ્યું: 'મારા ઘરને ઉપલે માળ આવો. હું તમને મારી રીત બતાવું.'

કિશોરો તો એમની પાછળ ચાલ્યા. ડૉક્ટર સાહેબ એમને પોતાના અભ્યાસખંડમાં લઈ ગયા. કિશોરો તો ડઘાઈને જોઈ જ રહ્યાં. આખા ખંડમાં પુસ્તકોથી છલકાતી છાજલીઓ અને કબાટ હતાં. ફ્રેન્ચ, જર્મન, અંગ્રેજી, બંગાળી અને સંસ્કૃત ભાષાનાં હજારો પુસ્તકો એ અભ્યાસખંડમાં ઊભરાતાં હતાં. ઘણાંખરાં પુસ્તકો વિજ્ઞાનનાં હતાં. ધર્મ, તત્ત્વજ્ઞાન, ઈતિહાસ અને એવા ગંભીર વિષયોનાં પુસ્તકો પણ અનેક હતાં. મેજ ઉપર પણ પુસ્તકોના ઢગલા હતા અને ત્યાં કાગળ, પેન્સિલ, પેન વગેરે લખવાનાં સાધનો પડ્યા હતા.

ડૉ. સહાએ કિશોરોને કહ્યું, 'દોસ્તો ! આપણે મહેનત લઈને અભ્યાસ કરીએ તે જ સાચી સરસ્વતી પૂજા છે. બાકી મૂર્તિઓ શણગારવાથી પૂજા થતી નથી.'

ડૉ. મેઘનાદ સહા જાણે સરસ્વતીદેવીના સાચા અને માનીતા પુત્ર હોય તેમ, એમનું અવસાન પણ ૧૯૫૬ની ૧૬મી ફેબ્રુઆરીએ બરાબર વસંતપંચમીને દિવસે જ થયું.

**- યશવંત મહેતા**

## જીંદગીમાં બેલેન્સ કેમ જાળવશો ?

સ્વામિનારાયણ સંપ્રદાયના જ્ઞાનવત્સલદાસ સ્વામી ૮-૮-૮ ની અફલાતૂન ફૉર્મ્યુલા વિશે અવારનવાર વાત કરતાં હોય છે. આ ફૉર્મ્યુલા પ્રમાણે આઠ કલાક કામ પાછળ, આઠ કલાક નિંદ્રા પાછળ અને બાકીના આઠ કલાક મનગમતી પ્રવૃત્તિઓ પાછળ ગાળવા જોઈએ.

જો આપણે આ સંતુલનને વારેવારે ખોરવ્યા કરીશું તો ઉપાધિને આમંત્રણ આપ્યા જેવું ગણાશે. જો આઠ કલાક કરતાં વધારે સમય સૂવામાં ગાળીશું તો આળસુ બની જઈશું. જો વ્યવસાયને આઠ કરતાં વધારે કલાક આપીશું. તો જેના હિસ્સામાંથી એ સમય ચોર્યો છે તે કોઈક ને કોઈ રીતે આપણી પાસેથી વસૂલ કરી જ લેશે. જો ઊંઘ અને આરામ સાથે બાંધછોડ કરી હશે તો તબિયત બગડશે. જો પરિવાર, શોખ અને પોતાની જાત માટેના સમયમાંથી ચોરી કરી હશે તો ઈમોશનલ સ્ટ્રેસનો ભોગ બનવું પડશે.

આર્થિક વિકાસ જરૂરી છે પણ એક તબક્કા પછી આનંદિત અને સંતુલિત મન વધારે મહત્ત્વનું છે. સ્વસ્થ મન તંદુરસ્ત જીવનની નિશાન છે. તેથી હવે પછી વાર્ષિક પગાર વધારો થાય ત્યારે તેનું મૂલ્યાંકન પૈસાના સંદર્ભમાં નહીં. પણ ગયા વર્ષે પોતાની જાત, પરિવાર અને મનગમતી પ્રવૃત્તિઓ માટે કેટલો સમય ગાળ્યો હતો તેના સંદર્ભમાં કરજો. **- સૌ. ધર્મદ્વાર.**

## મારી માવડીઓના નિ :સાસા હું નહીં લઉ

સિહોર પાસેના મેઘવદર ગામની આ વાત છે. ધીરૂભા રામસિંહના પૂર્વજોને મહારાજા વિજયસિંહજી તરફથી ગામ બક્ષિસમાં મળેલું. ધીરૂભાબાપુનું માન ગામમાં જબરું. તેના કારણે એકેય'દિ એવો ન હોય કે મે'માને ઘરને પોંખ્યું ન હોય. બાપુ ગામનાં મોટા ભાગદાર એટલે દુઝાણા પણ એટલા જ પ્રમાણમાં હોય એ કાંઈ કેવાની વાત છે ? જેવા મોટા ભાગદાર એવા જ મોટા દિલના માનવ.

આટલા પ્રમાણમાં ઢોર-ઢાંખર હોય તો તેને ચરાવવા જવાની જવાબદારી પણ એવડી મોટી કે'વાય. બાપુએ ભેંસો, ગાયો અને નાના વાછરું બધાને ચરાવવા અલગ-અલગ ત્રણ-ચાર ગોવાળિયા રાખ્યા'તા. ગોવાળો દરરોજ નિત્યક્રમ, પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવતા.

બાપુ ડેલીયે ઢોળિયા પર આરામથી બેઠા છે. એવામાં આઠ-દસ મે'માન આવી ચડ્યા. વાતોનો દોર જામ્યો'તો. બાપુની ડેલીયે આવેલ મે'માન બપોરા કર્યા વગર કે વાળુ વગર સીધાવે એવું તો બને જ નહીં. મે'માનનો આગ્રહ હતો કે ઉતાવળે જતા રહેવું. પણ બાપુએ કીધું કે વાળુ કરી

રાતવાસો કરીને પછી જ જવાનું છે. વળી સૌ વાતોએ વળગ્યા. બાપુએ ઘરે માણસને તપાસ કરવા મોકલ્યો, વાળુને 'શી'વાર છે? ઘરેથી માએ કહેવડાવ્યું, રોટલા તો તૈયાર છે પણ દૂઝણી ગાયોના ગોવાળ ગાયુ લઈને હજી આવ્યા નથી. ગાયોના તાજા દૂધ વિના કેમ કરીને વાળુ થશે?

બાપુ ધૂંઆપૂંઆ થતા હતા ત્યાં જ ગોવાળે હોકારો કર્યો. બાપુએ ઉંચા અવાજે ગોવાળને કહ્યું કે, કાલથી ગાયો વહેલી લાવજો, તાઝા દૂધ વિના તકલીફ પડે છે. સોંપો પડી ગયો. ગોવાળીયામાં ચોથો ગોવાળીયો ભારે નિકળ્યો. એણે બાપુને શાંતિથી કહી દીધું કે મહેમાનોને તાઝા દૂધે વાળું કરાવવું હોય તો ઘરે બે ગાય બાંધી રાખો. એને રોજ તાજી નીરણ-ખાણ-કપાસિયા નિરજો. બાકી મારી માવડીયું તો એના ટે'મે જ આવશે. એ પાછી વળે ત્યારેજ આવશે. સાંજના ટાઢા પોરે એને ચરવાની મોઝ આવે ત્યારે હું એને ધોકા મારીને ઘરે લાવું? ના બાપુ ના. મારાથી આવું પાપ નહીં થાય. તમ તમારે ન ફાવે તો બીજો ગોવાળીયો રાખી લેજો. બાકી મારી માવડીઓના નિઃસાસા હું નહીં લઉ. બાકી વહેલો આવું તો હું પણ વે'લાસર નવરો થઈ જાવ, પણ મુંગા જાનવર મારા મા-બાપ છે. એના થકી તો હું ઊજળો છું એટલે તો મને રાતે ઊંઘ આવે છે. બાકી તો આ હાલ્યો ત્યારે રામ-રામ બાપુ!

બાપુ અને મે'માન ચોથાની વાત સાંભળીને અચંબામાં પડી ગયા અને બાપુએ બુમ પાડી કે ચોથા ઊભો રે અહીં આવ. બાપુએ ભીની આંખે ચોથાને ભીડી દીધો. ચોથા તારી માવડીયું પ્રત્યેની ભક્તિ અને તારા કામ માટેની ભાવનાએ મારી આંખ ખોલી નાખી ને આજથી તું કે એમ જ થશે ત્યારે બસને! કા'લથી વાળુ મોડું થશે અને હા ચોથા તારે જીવનભર લગી આહીં જ રહેવાનું છે. જો કા'રેય જાવાનું નામ લીધું છે ને તો તો!

હાલ ત્યારે અમારી ભેળો વાળુ કરવા બેસીજા. બાપુએ બાજુમાં જ ચોથાને બેસાડ્યો અને સૌ માટે પણ થાળી પીરસાવી. -**સં. જીજ્ઞેશ ભૂવા**

**કથાબીજ: બળદેવસિંહ ગોહિલ, સૌ. સંગતમાંથી**

### આજનું મન્થન

જેમ કલપ કરવાથી માણસ યુવાન દેખાય છે; પણ થતો નથી તેવી રીતે જુઠ્ઠું બોલનારો માણસ સુખી દેખાય છે; પણ હોતો નથી. અલ્પજીવી હોવાને કારણે જેમ કલપ વારંવાર કરવો પડે છે તેવી રીતે જુઠાણું પણ અલ્પજીવી હોવાને કારણે વારંવાર બોલવું પડે છે.

**- વિક્રમ દલાલ**

## ભિક્ષુ કોણ બની શકે?

એક દિવસ એક યુવાન ભગવાન તથાગત પાસે ગયો. તેના મુખ પર વિજયનો ભાવ હતો. પોતાના ભાવોને અભિવ્યક્ત કરતાં તેણે તથાગતને કહ્યુંઃ ''મેં ગૃહત્યાગ કરવાની બધી તૈયારી કરી લીધી છે. હવે હું ભિક્ષુ બનવાને યોગ્ય બની ગયો છું.'' તે યુવકનાં આવાં અહંકાર યુક્ત વાક્યો સાંભળીને ભગવાન બુદ્ધ હસી પડ્યા.

ભગવાન બુદ્ધના આ હાસ્યને ત્યાં બેઠેલા સારિપુત્રે જોયું. યુવાનના ચાલ્યા ગયા પછી તેમણે ભગવાનને તે હાસ્યનું રહસ્ય જણાવવા માટે કહ્યું. જવાબ આપતાં બુદ્ધે કહ્યુંઃ 'સંસારની તૈયારીઓની તો વાત સાંભળી હતી પરંતુ આ સંન્યાસની તૈયારી વળી કેવી? આ વાક્ય મારી સમજમાં ન આવ્યું. ચિત્તમાં બોધ થયા વિના સંસારમાંથી સંન્યાસમાં પરિવર્તન થઈ શકતું નથી. ત્યાગ કરવો, સંન્યાસ લેવો, ભિક્ષુ બનવું એ ન તો વેશભૂષા પરિવર્તન છે, ન તો નામપરિવર્તન છે કે ન તો ગૃહપરિવર્તન છે. એ તો એક વિશુદ્ધ દૃષ્ટિપરિવર્તન છે. ત્યાગ માટે તો ચિત્તનું પરિવર્તન જરૂરી છે.

ભગવાન બુદ્ધનાં આ વચનો સારિપુત્રના અંતઃકરણને સ્પર્શી ગયાં. પરંતુ તેનાથી અજાણ તે યુવાન ફરીથી એક દિવસ બુદ્ધની પાસે આવ્યો અને થોડા ચિંતિત સ્વરમાં બોલ્યોઃ 'ત્યાગની તમામ તૈયારીમાં એક કસર રહી ગઈ છે. હજુ ભગવાં વસ્ત્રોની વ્યવસ્થા કરવાની બાકી છે.' તે યુવાનના આ વાક્ય પર બુદ્ધે હસીને કહ્યુંઃ ''યુવાન! બધો સામાન છોડવા માટે જ કોઈ ભિક્ષુ બને છે જ્યારે તું તેને મેળવવા માટે દુઃખી થાય છે. જા, તારી દુનિયામાં પાછો વળી જા. તું હજુ ભિક્ષુ થવા માટે યોગ્ય નથી. તેના માટે તો બોધની સંપત્તિ જોઈએ. જે વિવેક અને વૈરાગ્યથી જ પ્રાપ્ત થાય છે.' તે યુવાન ભગવાન બુદ્ધની વાતનો મર્મ સમજી ગયો. **-કનૈયાલાલ રાવલ, સૌ. અખંડ આનંદ.**

## કર્તાભાવ વગરનું કર્મ

શરીરથી ક્યાંય આવવા જવાની વાત જ નથી. સંન્યાસ ચિત્તનો વિષય છે, દેહનો નથી. સંન્યસ્ત ચિત્ત સર્વથા, સર્વદા, સર્વ વિશે નિઃસંગ હોય છે. અમારો અભિપ્રાય ચિત્તના સંન્યાસનો હતો.

શરીરે નૈષ્કર્મ્ય સિદ્ધ થવું ઘટે, એટલે કે દેહધર્મ અતિરિક્ત કોઈ પણ ક્રિયા-કર્મ ન કરીએ તોયે સાવધાન સંતુલિત અવસ્થા અભંગ રહે. વિદ્યાધ્યયન, લેખન કે સંતવાણીનું શ્રવણ પણ બુદ્ધિ માટે આલંબન ન બને...

વિચારમુક્ત, શબ્દમુક્ત ચેતનાનો આયામ બને. કર્તાભાવ વગરનું કર્મ થાય તે જોવું. **- વિમલા ઠકાર**

## છેલ્લો કટોરો
## (ગોળમેજી પરિષદમાં જતી વેળા ગાંધીજીને)

છેલ્લો કટોરો ઝેરનો આ : પી જજો, બાપુ !
સાગર પીનારા ! અંજલિ નવ ઢોળજો, બાપુ !
    અણખૂટ વિશ્વાસે વહ્યું જીવન તમારું :
    ધૂર્તો-દગલબાજો થકી પડિયું પનારું :
    શત્રુ તણે ખોળે ઢળી, સુખથી સૂનારું :
આ આખરી ઓશીકડે શિર સોંપવું, બાપુ !
કાપે ભલે ગર્દન ! રિપુ-મન માપવું, બાપુ !
    સુર-અસુરના આ નવયુગી ઉદધિ-વલોણે,
    શી છે ગતાગમ રત્નના કામી જનોને ?
    તું વિના, શંભુ ! કોણ પીશે ઝેર દોણે !
હૈયા લગી ગળવા ગરલ ઝટ જાઓ રે, બાપુ !
ઓ સૌમ્ય-રૌદ્ર ! કરાલ-કોમલ ! જાઓ રે, બાપુ !
    કહેશે જગત : જોગી તણા શું જોગ ખૂટ્યા ?
    દરિયા ગયા શોષાઈ ? શું ઘન-નીર ખૂટ્યાં ?
    શું આભ સૂરજ-ચંદ્રમાનાં તેલ ખૂટ્યાં ?
દેખી અમારા દુ:ખ નવ અટકી જજો, બાપુ !
સહિયું ઘણું, સહીશું વધુ : નવ થડકજો, બાપુ !
    ચાબુક, જપ્તી, દંડ, ડંડા મારના,
    જીવતાં કબ્રસ્તાન કારાગારનાં,
    થોડાઘણા છંટકાવ ગોળીબારના-
એ તો બધાંય જરી ગયાં, કોઠે પડ્યાં બાપુ !
ફૂલ સમાં અમ હૈડાં તમે લોઢે ઘડ્યાં, બાપુ !
    શું થયું-ત્યાંથી ઢીંગલું લાવો ન-લાવો !
    બોસા દઈશું-ભલે ખાલી હાથ આવો !
    રોપશું તારે કંઠ રસબસતી ભુજાઓ !
દુનિયા તણે મોંયે જરી જઈ આવજો, બાપુ !
હમદર્દીના સંદેશડા દઈ આવજો, બાપુ !
    જગ મારશે મે'ણાં : ન આવ્યો આત્મજ્ઞાની !
    નાવ્યો ગુમાની-પોલ પોતાની પિછાની !
        જગપ્રેમી જોયો ! દાઝ દુનિયાની ન જાણી !

**- ઝવેરચંદ મેઘાણી**

**આ અંકનું સ્પોન્સરશીપ-સૌજન્ય**
**શ્રી સુહિલભાઈ રમેશભાઈ દોશી, મલાડ તરફથી મળેલ છે. જેની હર્ષ તથા આભારની લાગણી સાથે સ્વિકાર કરીએ છીએ.**

## નમ્ર વિનંતિ (અપીલ)

ગોરક્ષાપાત્ર અંકની Print Copy દર મહિનાની ૫મી તારીખે પોસ્ટ થાય છે. જ્યારે Electronic Copy એ જ સમયે આપણી વેબસાઈટ www.gorakshapatra.org પર upload થઈ જાય છે. Electronic Copy તરત જ, વિના વિલંબે, દુનિયાના કોઈ પણ ખૂણામાંથી ઈન્ટરનેટના માધ્યમથી વાંચી શકાય છે જ્યારે પ્રીન્ટ કોપી મોડી મળવાની અને અપવાદરુપ કિસ્સાઓમાં તદન ન મળવાની ફરિયાદો કોમન છે. વળી પ્રીન્ટ કોપી છાપવાનો કાગળ બનાવવા વૃક્ષોનું લાકડુ વપરાય છે. એટલે આડકતરી રીતે આપણે વૃક્ષ કપાય છે એમાં ભાગીદાર બનીએ છીએ.

આથી ગોરક્ષાપાત્રના વાંચકોને નમ્ર વિનંતિ કરવામાં આવે છે કે **જેમના માટે પણ શક્ય હોય**, તેમણે પ્રીન્ટ કોપી જતી કરીને અંક આપણી વેબસાઈટ પરથી વાંચી લેવો. આ માટે તેમણે પોતાનો ગ્રાહક નંબર, પુરૂ નામ અને શહેરનું નામ 9323412471 પર WHATS APP દ્વારા મોકલવાનું રહેશે. આ રીતે પ્રીન્ટ કોપી જતી કરનાર વ્યક્તિઓના નામ ગોરક્ષાપાત્રના આગામી અંકોમાં છાપવામાં આવશે અને તેમને પ્રીન્ટ કોપી મોકલવાનું બંધ કરવામાં આવશે.

પ્રીન્ટ કોપી જતી કરો, વૃક્ષો બચાવો અને પર્યાવરણની રક્ષા કરો એ જ આજના યુગનો મંત્ર છે આશા છે ગોરક્ષાપાત્રના સુજ્ઞ વાંચકોનો સંપૂર્ણ સાથ અને સહકાર આમાં મળી રહેશે.

**- લિ. સંપાદક મંડળ**

## લવાજમ મળેલ છે.

| | | |
|---|---|---|
| ૧. શ્રી મુગટભાઈ દોશી | - ઘાટકોપર | ૩૦૦/- |
| ૨. શ્રી ધીરજલાલ કોઠારી | - ઘાટકોપર | ૧૦૦/- |
| ૩. શ્રી ગૌસેવા મિત્ર મંડળ | - કાંદિવલી | ૧૦૦/- |
| ૪. શ્રી ઉકાભાઈ વગાસીયા | - ગુજરાત | ૧૦૦/- |
| ૫. શ્રી ચિતરંજન વોરા | - અમદાવાદ | ૨૦૦૧- |

**નોંધ:** આપનું લવાજમ રમેશ એસ. દોશી, બેંક ઓફ ઈંડીયા, મલાડ, મુંબઈ બ્રાંચ, ખાતા નંબર 003110100021366 માં ભરવા વિનંતી.
**Bank Code: IFSC BKID 0000031**

# પીઝાના આઠ ટુકડા

જરૂરથી એકવાર તો વાંચજો

પત્નીએ કહ્યું આજે ધોવા માટે વધારે કપડા નહિ કાઢતા કામવાળી બે દિવસ નહિ આવે...

પતિ: કેમ ? ? ?

પત્નિ: ગણપતિના તહેવાર માટે તે તેની દીકરીના છોકરાઓને મળવા જવાની છે અને હા ગણપતિના તહેવારમાં તેને ૫૦૦ રૂપિયા આપું બોનસ ? ? ?

પતિ: કેમ ? ? હમણાં દિવાળી આવે જ છે ને ત્યારે આપશું.

પત્નિ: અરે ગરીબ છે બિચારી, દીકરી ને મળવા જાય છે તો તેને પણ સારું લાગશે અને આ મોંઘવારીમાં આટલા પૈસાથી એ શું તહેવાર ઉજવશે ?

પતિ: તું પણ જરૂરથી વધારે દયાળુ થઈ જાય છે.

પત્નિ: ના ચિંતા નહિ કરો આજે આપણે પીઝા ખાવા જવાનો પ્રોગ્રામ હતો એ હું કેન્સલ કરી નાખું છું. વાસી પાવના એ ૮ ટુકડામાં ખાલી ખોટા ૫૦૦ રૂપિયા ઉડી જશે.

પતિ: વાહ... અમારા મોઢામાંથી પીઝા છીનવી ને બાઈની થાળીમાં ? ? ?

ત્રણ દિવસ પછી કચરું કાઢતી કામવાળીને સાહેબે એ પૂછ્યું. કેમ રહી રજા ?

કામવાળી: બહુ સારી રહી સાહેબ... દીદીએ ૫૦૦ રૂપિયા આપ્યા હતા ને... તહેવાર નું બોનસ

પતિ: તો જઈ આવી જમાઈ ને ત્યાં ? ? મળી લીધું દીકરી અને છોકરાઓને

કામવાળી: હા સાહેબ મજા આવી, બે દિવસમાં ૫૦૦ રૂપિયા ખર્ચી નાખ્યા.

પતિ: એમ ? ? શું કર્યું ૫૦૦ રૂપિયાનું ? ? ?

કામવાળી: દીકરીના છોકરા માટે ૧૫૦ રૂપિયાનો શર્ટ લીધો, બેબી માટે ૪૦ રૂપિયાની ઢીંગલી, દીકરીને ૫૦ રૂપિયા આપ્યા મિઠાઈના, ૫૦ રૂપિયાનો મંદિરમાં પ્રસાદ ચઢાવ્યો, ૬૦ રૂપિયા તો આવવા જવાનું ભાડું થયું, ૨૫ રૂપિયાની બંગડી દીકરીને આપી, ૫૦ રૂપિયાના બેલ્ટ જમાઈને આપ્યો. અને વધેલા ૭૫ રૂપિયા દીકરીના છોકરાઓને આપ્યા બુક અને પેન્સિલ લેવા માટે કચરા પોતા કરતી વખતે પુરેપુરો હિસાબ એના મોઢે હતો ! ! !

પતિ: ૫૦૦ રૂપિયામાં આટલું બધું ? ? ? ? મનમાં જ વિચાર આવવા લાગ્યા... તેની નજર સામે ૮ ટુકડા કરેલા પીઝા ફરી રહ્યા હતા અને દરેક ટુકડો જાણે ઝેર લાગી રહ્યો હતો. પોતાના એ એક પીઝાના ખર્ચની બરાબરી તે કામવાળી બાઈના તહેવારના ખર્ચ સાથે કરી રહ્યો હતો.

પહેલો ટુકડો છોકરાના શર્ટનો, બીજો ટુકડો દીકરીની મીઠાઈનો, ત્રીજો મંદિરમાં પ્રસાદનો, ચોથો ભાડાનો, પાંચમો ઢીંગલીનો, છઠ્ઠો બંગડીનો, સાતમો જમાઈના બેલ્ટનો અને આઠમો બુક-પેન્સિલનો. આજ સુધી તેણે હમેશા પીઝાની એક બાજુ જ જોઈ હતી ક્યારેય પણ પીઝા પાછળથી કેવો દેખાય છે એ જોવાનો પ્રયત્ન નહોતો કર્યો. પરંતુ આજે આ કામવાળી બાઈએ પીઝાની બીજી બાજુ દેખાડી હતી.

પીઝાના એ આઠ ટુકડા આજે તેને જીવનનો અર્થ સમજાવી ગયા હતા.

''જીવન માટે ખર્ચ'' કે ''ખર્ચ માટે જીવન'' એને એક ઝાટકે સમજાઈ ગયું હતું.

**(ઈન્ટરનેટ પરથી) પ્રેષક : શાંતિલાલ ગડા**

**Post Registration No. MNW/277/2015-17**
**RNI No. MAHGUJ/2002/9750**
**Posted at Liberty Garden, P.O.**
**on 5th or 6th of every month.**
**ગોરક્ષા પાત્ર વતી માલિક, મુદ્રક, પ્રકાશક અને સંપાદક**
**શ્રી રમેશ એસ. દોશી (નિમિત માત્ર),**
**બી/૬૦૧, નંદનવન, નરસિંગ લેન, ડી.એસ. નગર,**
**મલાડ (પ.), મુંબઈ-૬૪. મો.નં.: ૭૫૦૬૭૫૦૨૫૧**
**Email: doshir65@gmail.com**
**સંપાદક મંડળ: શ્રી શાંતિલાલ ગડા, શ્રી મનોજ રાજગુરૂ**
**Web: www.gorakshapatra.org.**
**મુદ્રણ સ્થળ: ગોગરી ઓફસેટ, વાગરી પાડા, એ.કે. રોડ,**
**અંધેરી (ઈ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.**
**પ્રેરક : સત્પુરૂષોની પ્રેરણા અને આશીષ.**

**“Licence to Post Without Pre Payment”**
**WPP-Lic. No. MR/Tech/WPP-330/NW/2017**



ગોરક્ષા પાત્ર
**गाय बैल बचेंगे**
**देश बचेगा**

To,